Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 243 Dt.26-07-2022 (Tuesday) સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001





**૬૦૦ લીટર જેટલું મિથેનોલ કેમિકલ વેચાયું તેમાંથી ૨૦૦ લીટર પીન્ટુ નામના બુટલેગરે ખરીદ કર્યું હતું: ૨૪ કલાકમાં તમામ આરોપીની ઓળખ થઇ ગઈ: અમદાવાદ, બોટાદ અને ભાવનગર સિવિલમાં અન્ય ૮૦ જેટલા લોકોની સારવાર: લઠ્ઠાકાંડમાં સારવાર લઈ રહેલા કેટલાક દર્દીઓએ આંખે અંધાપો આવી ગયાની ફરિયાદ કરી; કેમિકલ સપ્લાય કરનાર ૧ની ધરપકડ: ૧૦ ની અટકાયત**

# કથિત લઠ્ઠાકાંડ: ૨૮ના મોત, ૨ ગંભીર

## દેશી દારૂના અડ્ડાઓ પર રાજયભરમાં દરોડા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

ગુજરાતભરને હચમચાવી નાખનાર ધંધુકા અને બોટાદ, બરવાળાના કથિત લઠ્ઠાકાંડને પગલે રાજ્ય સરકાર હરકતમાં આવી ગઈ છે અને તાત્કાલિક તપાસ તથા કડક કાર્યવાહી કરવાના આદેશો ગાંધીનગરથી છૂટયા છે. રાજયભરમાં દેશીદારૂના અડ્ડાઓ પર પોલીસે દરોડાનો દૌર શરૂ કરી દીધો છે. લઠ્ઠાકાંડની તપાસ અંગે આજે સિલસિલાબંધ વિગતો જાહેર કરતા ડીજીપી આશિષ ભાટીયાએ જણાવ્યું હતુ કે, લઠ્ઠાકાંડ સર્જનાર દેશીદારૂના જથ્થામાં મિથેનોલ કેમિકલની માત્રા ૯૯ ટકા જેટલી હોવાનું એફએસએલની તપાસણીમાં બહાર આવ્યું છે. એટલે દેશીદારૂના અડ્ડા પર લોકોએ કેમિકલ પીધું હતું એ સ્પષ્ટ બન્યું છે.

રાજ્યના પોલીસવડાએ જણાવ્યું હતું કે, લઠ્ઠાકાંડ બાબત અત્યાર સુધીમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે અને ૧૦ ની અટકાયત કરવામાં આવી છે. ૨૪ કલાકમાં તમામ આરોપીઓની ઓળખવિધિ કરી લેવામાં આવી છે. લઠ્ઠાકાંડથી કુલ ૨૮ના મોત થયાનું ડીજીપીએ જણાવ્યું હતું. ત્યારે સારવાર લઇ રહેલા લોકોમાંથી બેની હાલત ગંભીર હોવાનું તેમણે જણાવ્યું હતું. ભાવનગર, બોટાદ અને અમદાવાદની સિવિલ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. ડીજીપીએ ઉમેર્યું હતું કે, આમોસ કંપનીમાં જયેશ નામના શખ્સે દારૂ મુક્યો હતો. ૬૦૦ લીટર જેટલું કેમિકલ રૂ.૪૦ હજારમાં વેચાયું હતું. તેમાંથી ૨૦૦ લીટર જેવો જથ્થો પીન્ટુ નામના બુટલેગરે ખરીદ કર્યો હતો. મિથેનોલ કેમિકલનો ઉપયોગ ઔધોગિક એકમો માટે થાય છે. પરંતુ મિથાઈલ કેમિકલનો ઉપયોગ કરીને દેશીદારૂ બનાવવામાં આવ્યો હતો. પોલીસ તમામ મુદ્દાઓની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

દરમ્યાન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે લઠ્ઠાકાંડ અંગે રાજ્યના પોલીસવડા સાથે વાતચીત કરી હતી અને તાકીદે તપાસ કરવાનો અને કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો જેના પગલે આજે સવારથી અમદાવાદ સહિત રાજ્યભરમાં દેશીદારૂના અડ્ડાઓ પર પોલીસ તૂટી પડી છે. સાગમટે દરોડા પાડવામાં આવી રહ્યા છે. બોટાદનાં એસપી કરણરાજ વાઘેલાએ લઠ્ઠાકાંડમાં જયાં સૌથી વધુ મૃત્યુ થયા એ બરવાળાની એએસઆઈ યાસ્મીન જરગેલાને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે. કુલ ૧૩ આરોપીઓ સામે હત્યાનો અને પ્રોહીબીશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

દરમ્યાન કેમિકલ કાંડની તપાસ કરવા માટે આઈપીએસ અધિકારી સુભાષ ત્રિવેદીના નેતૃત્વમાં ગૃહખાતાએ ખાસ કમિટીની રચના કરી છે અને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી બપોરે અમદાવાદ સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા. સિવિલમાં જડબેસલાક સુરક્ષા ગોઠવવામાં આવી હતી અને જે વોર્ડમાં સારવાર ચાલી રહી છે એ લઠ્ઠાકાંડના દર્દીઓના વોર્ડને બંધ કરી દેવામાં આવ્યો છે. હર્ષ સંઘવીએ દર્દીઓને મળીને એમની પાસેથી વિગતો જાણી હતી અને તબિયતની પૃચ્છા કરી હતી. દર્દીઓને જરૂર પડે તો સોલા સિવિલમાં પણ સારવાર આપવાની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. મેડીકલ ટીમો તૈનાત કરવામાં આવી છે. અત્યારે લઠ્ઠાકાંડના દર્દીઓની સારવાર અસારવા સિવિલમાં કરવામાં આવી રહી છે.

દરમ્યાન કોંગ્રેસના ધારાસભ્યોએ પણ આજે બપોરે

(અનુ.પાના નં.૪ ઉપર)

### રોજીદ ગામના સરપંચની રજૂઆત બાદ પગલા લેવાયા હોત તો અનેક લોકોનાં જાન બચી જાત: શક્તિસિંહ ગોહિલ

અમદાવાદ: કોંગ્રેસના રાજ્યસભાના સભ્ય શક્તિસિંહ ગોહિલે આજે જણાવ્યું હતું કે, બરવાળા અને ધંધુકા તાલુકાઓમાં દેશીદારૂના અડ્ડાઓ અંગે રોજીદ ગામના સરપંચે પત્ર લખીને વારંવાર સતાવાળાઓનું ધ્યાન દોર્યું હતું. જો થોડી દરકાર રાખવામાં આવી હોત તો નિર્દોષ લોકોનાં જાન બચી જાત. નશાબંધી ધરાવતા ગુજરાતમાં આવો ભયાનક લઠ્ઠાકાંડ સર્જાયો છે.(૨.૧૨)

## અંબાજી, પાવાગઢ અને ગિરનાર બાદ ચોટીલામાં રોપ-વેની સુવિધા મળશે



**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૨૬

રાજ્યના વધુ એક પ્રવાસન સ્થળ ચોટીલામાં રોપ-વેને સરકારે મંજૂરી આપી છે. આ મામલે ચાલી રહેલા કોર્ટ કેસનો નિકાલ થતાં સરકારે કામગીરી શરૂ કરવાની મંજૂરી આપી છે. ખાનગી કંપની દ્વારા ચામુંડા માતાજીના ધામ ચોટીલામાં રોપ-વેની સુવિધા ઊભી કરવામાં આવશે.

ચોટીલામાં રોપ-વેની સુવિધા માટે લાંબા સમયથી કવાયત ચાલતી હતી. એપ્રિલ ૨૦૨૧માં તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિધાનસભામાં ચોટીલામાં રોપ-વેની સુવિધા આપવાની જાહેરાત કરી હતી. પરંતુ કોર્ટ કેસને કારણે મંજૂરીમાં વિલંબ થયો હતો. આખરે સરકારે આ મંજૂરી આપી છે. આ રોપ-વેની સુવિધા ખાનગી કંપની દ્વારા કરવામાં આવનાર હોવાથી ઉર્જા વિભાગ હસ્તકની ટેકનિકલ કમિટી દ્વારા ચર્ચા અને અભ્યાસ બાદ આખરી મંજૂરી આપવામાં આવી છે. જેના પગલે આગામી દિવસોમાં કામગીરી શરૂ થઇ શકશે. અંદાજે ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે આ સુવિધા ઉભી થશે.

ચોટીલા ડુંગર પર ૬૫૫ જેટલા પગથિયા છે. જેથી વૃદ્ધ, અશક્ત અને દિવ્યાંગ યાત્રાળુઓને મુશ્કેલી પડતી હતી. રોપ-વેની સુવિધાને કારણે તમામ યાત્રાળુઓને માતાજીના દર્શનમાં સરળતા રહેશે.

### રોયલ્ટી અંગે સરકાર હવે નિર્ણય લેશે

ચોટીલામાં ખાનગી કંપની દ્વારા શરૂ કરવામાં આવનાર રોપ-વેની સુવિધા માટે સરકારે મંજૂરી આપી છે. જેથી કંપની કામગીરી શરૂ કરી શકશે. બીજીતરફ રોપ-વેના સંચાલન અને રોયલ્ટી અંગેના નિયમો નક્કી કરવાના બાકી છે જેથી સરકાર હવે ટૂંક સમયમાં આ મામલે નિર્ણય કરશે. આ માટે કંપની અને સરકારના પ્રવાસન અથવા યાત્રાધામ વિકાસ બોર્ડ વચ્ચે એમઓયુ થશે.

## ગુજરાતમાં વરસાદની આગાહી વચ્ચે ૩૫ ડેમ ઓવરફ્લો, ૨૦૭ ડેમમાં ૬૦ ટકા પાણી



**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૨૬

ગુજરાતમાં ચોમાસાની પહેલી જ સિઝનમાં અત્યારસુધી ૨૨ ઈંચ સાથે મોસમનો ૬૬ ટકા વરસાદ નોંધાઇ ચૂક્યો છે. જુલાઇ માસમાં જ સીઝનનો ૬૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો હોય તેવું ૨૦૧૭ના વર્ષ બાદ પ્રથમવાર બન્યું છે. એ વખતે જુલાઇના અંત સુધીમાં ૨૬ ઈંચ સાથે સીઝનનો ૮૧ ટકા વરસાદ નોંધાયો હતો. બીજી તરફ ગત વર્ષે ૨૫ જુલાઇ સુધીમાં રાજયમાં સીઝનનો ૨૭ ટકા વરસાદ માંડ વરસ્યો હતો. રાજયમાં થઈ રહેલા સારા વરસાદને પરિણામે જળાશયોમાં ૨૫ જુલાઈ સુધીમાં ૬૦.૦૮ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૨,૧૧, ૫૫૫ MCFT એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૬૩.૩૨ ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

૩૫ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જયારે ૪૧ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકાની વચ્ચે, ૩૩ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકાની વચ્ચે, ૪૧ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકાની વચ્ચે, ૫૬ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે. આ જળાશયોમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો, કચ્છના ૨૦ જળાશયો અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે. રાજ્યમાં ૩૫ જળાશયો ૧૦૦ ટકાથી વધુ જ્યારે ૧૮ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈએલર્ટ પર છે. ૦૮ જળાશયો ૮૦ ટકાથી ૯૦ ટકા ભરાતા એલર્ટ પર તથા ૧૪ જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા ભરાતા સામાન્ય ચેતવણી આપવામાં આવી છે.

ગુજરાતમાં ઝોન પ્રમાણે વરસાદની સ્થિતિ જોઈએ તો, કચ્છમાં ૨૧ ઈંચ, ઉત્તરગુજરાતમાં ૧૪ ઈંચ, મધ્યગુજરાતમાં ૧૮

(અનુ.પાના નં.૪ ઉપર)

## રાજકોટ જિલ્લામાં લમ્પીથી વધુ ૯ પશુઓના મોત

### ૩૨૩૪૧ પશુઓનું રસીકરણ: ૧૧૫૦૦ ડોઝ ઉપલબ્ધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

રાજકોટ જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝ રોગનો ફેલાવો વધી રહ્યો છે. રાજકોટ જિલ્લા પશુપાલન અધિકારી ડો.કે.યુ.ખાનપરાના જણાવ્યા મુજબ લમ્પીથી તંત્ર દ્વારા સતાવાર કાલ સાંજ સુધીમાં ૯ પશુઓના મોત અને કુલ ૧૬ પશુઓના મોત થયા છે. રાજકોટ જિલ્લામાં કુલ ૩૨૩૪૧ દુધાળા પશુઓનું વેકિસનેશન કરવામાં આવ્યું છે. હાલ રાજકોટ જિલ્લામાં ૧૧૫૦૦ વેકિસનના ડોઝ ઉપલબ્ધ છે.

જિલ્લામાં કુલ ૮૦ ગામો અસરગ્રસ્ત છે. રાજકોટ જિલ્લામાં કુલ ૧૦૨૬ પશુઓ સારવાર હેઠળ છે. રાજકોટ શહેરમાં લમ્પી વાયરસ ફેલાતો ટકાવવા રાજકોટ મહાનગરપાલિકા અને જિલ્લા પન્ચ્યાત દ્વારા શહેરમાં પશુઓમાં વેકિસન આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

-:શ્રદ્ધાંજલિની જાહેર ખબર:-

ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST

ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## અમદાવાદમાં મોડીરાત્રે ધોધમાર વરસાદ

### કુબેરનગર, નરોડા, રીંગ રોડ સહિતના વિસ્તારો જળબંબાકાર



**(એજન્સી સમાચાર)**

અમદાવાદ,તા. ૨૬

અમદાવાદમાં મોડીરાત્રે એકાએક ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો અને મોટાભાગનાં વિસ્તારો પાણી-પાણી થઇ ગયા હતા. અમદાવાદમાં આખો દિવસ વાદળિયો માહોલ અને છૂટાછવાયા ઝાપટા પડ્યા બાદ મોડી રાત્રે મુશળધાર પાણી વરસવા લાગ્યું હતું.

પૂર્વના વિસ્તારો જળબંબાકાર બન્યા હતા અને નિચાણવાળા ભાગો પણ પાણી લથબથ બન્યા હતા. સવારે પણ ઠેકઠેકાણે પાણી ભરાયેલા રહ્યા હોવાના કારણે ટ્રાફીકને અસર થઇ હતી. નરોડા, કુબેરનગર, રીંગ રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયેલા માલુમ પડ્યા હતા. હવામાન વિભાગનાં રિપોર્ટ પ્રમાણે અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દોઢ ઇંચ વરસાદ વરસ્યો હતો. આ સાથે સિઝનનો કુલ વરસાદ ૬૨૫ મીમી થયો છે. જે સિઝનનાં ૭૮.૫૪ ટકા થવા જાય છે. અમદાવાદમાં ચોમાસા દરમિયાન કુલ ૭૯૬ મીમી પાણી વરસતું હોય છે જેની સામે અત્યાર સુધીમાં ૬૨૫ મીમી વરસાદ વરસી ગયો છે. અમદાવાદ જિલ્લામાં અમદાવાદ શહેર ઉપરાંત દેત્રોજમાં પણ દોઢ ઇંચ વરસાદ થયો હતો જ્યારે માંડલ અને વિરમગામમાં એક-એક ઇંચ પાણી પડ્યું હતું. હવામાન વિભાગ દ્વારા તા. ૨૭મી સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી જ છે અને શહેરમાં હજુ વરસાદી માહોલ હોવાના નિર્દેશ છે.(૯)

## ઉતર ગુજરાતમાં સીઝનમાં પહેલીવાર અપાર મેઘકૃપા

### બેચરાજીમાં ૪ ઇંચ: ૨૦૧ તાલુકાઓમાં વરસાદ: સૌરાષ્ટ્રમાં મંગળવારે છૂટોછવાયો વરસાદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

ગુજરાતભરમાં ભારે વરસાદ અને મેઘકૃપાથી વંચિત રહેલા ઉતર ગુજરાત વિસ્તારની ધરતી ઉપર પણ મેઘરાજાએ કૃપા કરી છે. ઉતર ગુજરાતમાં ગઈકાલથી જોરદાર વરસાદ થઇ રહ્યો છે અને દોઢથી ૪ ઇંચ જેટલું પાણી પડી ગયાનું નોંધાયું છે.

છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૨૦૧ તાલુકાઓમાં હળવોથી ભારે વરસાદ થયો છે. રાજ્યનો કુલ વરસાદ ૫૭૬.૭૬ મીમી થયો છે. જે સીઝનનો ૬૭.૮૪ ટકા જેવો થાય છે. ૧ તાલુકામાં બે થી પાંચ ઇંચ વરસાદ થયો છે. તમામ તાલુકાઓમાં સરેરાશ પાંચ ઇંચ જેવો વરસાદ થયાનું નોંધાયું છે. ૩૫ તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચથી ૧૦ ઇંચ, ૧૧૧ તાલુકાઓમાં ૧૦ થી ૨૦ ઇંચ, ૭૫ તાલુકાઓમાં ૨૦ થી ૪૦ ઇંચ અને ૨૯ તાલુકાઓમાં કુલ ૪૦ ઇંચ વરસાદ થઇ ચુક્યો છે.

ઉતર ગુજરાતમાં જોરદાર વરસાદ શરૂ થયો છે. મહેસાણાનાં બેચરાજીમાં ચાર ઇંચ, કડીમાં અઢી ઇંચ, મહેસાણામાં બે ઇંચ, વીજાપુર, ઊંઝામાં એક થી દોઢ ઇંચ વરસાદ પડ્યો છે. પાટણ જિલ્લાનાં ચાણસમામાં બે ઇંચ, સિધ્ધપુર, શંખેશ્વરમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

રાખડી તો જોહર®ની જ
ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ | પ્રેમ મંદિર રોડ, ગાર્ડનની સામે, કાલાવડ રોડ, રાજકોટ.

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે **94097 57062** પર ફોન કરો અથવા મેસેજ કરો.

# સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લાઓની અનામત બચાવો ચિંતન- સંકલ્પ બેઠક યોજાઈ






**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૬

ગુજરાત રાજ્યમાં જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી તાત્કાલિક શરૂ કરવામાં આવે અને ત્રણ મહિનામાં પૂર્ણ કરવામાં આવે તેવી પ્રખર માંગ બેઠકમાં કરવામાં આવેલ હતી તેમજ વસ્તી ગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ગ્રામ પંચાયતની ચૂંટણી મુલતવી રાખવામાં આવે તેવી અપીલ કરાઈ હતી. સાથે સાથે રાજ્યમાં ૫૨% વસ્તી ધરાવતા ઓ.બી.સી. સમાજ માટે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ૨૭% ઓબીસી અનામત બેઠક ફાળવવા માંગણી કરવામાં આવેલ હતી અને રાજ્યમાં ઓ.બી.સી. સમાજ માટે રાજ્યસરકારના બજેટમાંથી ૨૭% રકમની ફાળવણી સુનિશ્ચિત કરવામાં આવે અને આ બજેટની રકમ ઓ.બી.સી. સમાજ અને તેના વિસ્તારમાં જ વપરાય તે માટે સબ-પ્લાન કમિટીઓની રચના કરવામાં આવે તેવું સૂચન કરાયું ઉપરાંત આઉટ સોર્સીંગ, કોન્ટ્રાક્ટથી થતી ભરતીઓમાં અનામત પ્રથા લાગુ કરવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવેલ હતી. બેઠકના અંતે બિનરાજકિય અનામત બચાવો સમિતિની જિલ્લા અને તાલુકા સ્તરે રચના કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું. આ બેઠકમાં ધારાસભ્ય અમિતભાઈ ચાવડા, ઋત્વીકભાઈ મકવાણા, લાખાભાઈ ભરવાડ, રાજેશભાઈ ગોહેલ, મહેશભાઈ રાજપુત, ભાર્ગવભાઈ પઢિયાર, પ્રતાપસિંહ ડોડીયા, પ્રવીણભાઈ સોરાણી, તેમજ વિવિધ જ્ઞાતિઓના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મૃતકોનાં પરિવારજનોની મુલાકાત લેતા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, હજુ ૭૮ દર્દીઓ સારવાર હેઠળ છે અને ૧૮ ની હાલત ગંભીર છેઃ પરિવારોને સાંત્વના પાઠવી

## દશામાઁના વ્રત દરમ્યાન ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા વિજ્ઞાન જાથાની અપીલ

### ધૂણીને છેતરપિંડી કરતી ભૂઈમા ઉપર જાથા કાનુની કાર્યવાહી કરશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** અમદાવાદ, તા.૨૬

આપણા દેશમાં છેલ્લા કેટલાંક વર્ષોથી શ્રાવણ માસની એકમ થી દસમ સુધી તથા આ વર્ષે તા. ૨૯ મી જુલાઈથી ૭ મી ઓગસ્ટ સુધી આરાધ્ય દેવી દશામાઁના વ્રતનો પ્રારંભ, પૂજન, અર્ચન મહિમા અનેક રીતે ઉજવણી પ્રદેશ પ્રમાણે કરવામાં આવે છે. દશામાઁના વ્રતનું ગૌરવ, ધાર્મિક અનુસરણ પ્રમાણે વિધિ-વિધાન થાય, ઉજવણી શ્રદ્ધા પ્રમાણે થાય તેનો કદી પણ વિરોધ હોય શકે નહીં. સૌને આદર, વંદન માતાજી તરફ હોય તે સ્વાભાવિક છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાઁના વ્રત દરમ્યાન અમુક લેભાગુઓ, ભુવા-ભારાડી, ભૂઈમા, તકસાધુઓ, ચમત્કારિકો શ્રધ્ધાના માહોલમાં યુકિત પ્રયુકિત ચમત્કારો કરી છેતરપિંડી કરે છે તેનો વર્ષોનો અનુભવ હોય ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી સખ્ત શબ્દોમાં વખોડી વિરોધ કરી ધૂણતી ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા અપીલ કરવામાં આવી છે. રાજયમાં દશામાના વ્રત દરમ્યાન ધૂણીને ઢોંગ કરતી ભ્રામક પ્રચાર કરતી



ભૂઈમાઓ વિશે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

### મંકીપોક્સથી ગભરાવાની જરૂર નથી

## મંકીપોક્સના લક્ષણો અને ચેપ કેવી રીતે ફેલાય છે તે સમજો : નિષ્ણાંતો

વિશ્વ હજી કોરોનાના ડર અને મુશ્કેલીમાંથી બહાર આવ્યું નથી અને તે દરમિયાન એક નવા વાયરસે ડરામણી દસ્તક આપી છે. મંકીપોક્સનો ચેપ વિશ્વના ૭૫ થી વધુ દેશોમાં નોંધાયો છે. હવે ભારતમાં પણ મંકીપોક્સના કેસ નોંધાયા છે. રાજધાની દિલ્હીમાં રવિવારે મંકીપોક્સનો મામલો સામે આવ્યો છે. જો કે, ડોકટરો તરફથી કહેવામાં આવ્યું છે કે ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેત રહેવાની જરૂર છે. અનુસાર, વિશ્વના ૭૫ દેશોમાં અત્યાર સુધીમાં મંકીપોક્સના ૧૬,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે. તે જ સમયે, આફ્રિકામાં પણ પાંચ દર્દીઓના મોત થયા છે. આ સંદર્ભે, યુએનના આરોગ્ય વિભાગે આ રોગને લઈને આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે. મંકીપોક્સ પણ એક વાયરલ રોગ છે. તે ઉચ્ચ તાવ, ચામડીના જખમ, ફોલ્લીઓ અને સોજો લસિકા ગાંઠો દ્વારા ઓળખાય છે. જો કે નિષ્ણાંતો કહે છે કે આ રોગ ચેપ ફેલાવે છે, પરંતુ તેનો દર્દી મોટાભાગે ચાર અઠવાડિયાની વચ્ચે જાતે જ સાજો થઈ જાય છે. ફોર્ટિસ મેમોરિયલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડોકટર ઓફ ઈન્ટરનલ મેડિસિન શ્રી બાલાજીએ મંકીપોક્સ વિશે જણાવ્યું કે સૌથી પહેલા આપણે સમજવું પડશે કે ગભરાવાની કોઈ જરૂર નથી. લોકોએ માત્ર વધુ સજાગ રહેવાની જરૂર છે. મંકીપોક્સ એક હળવો ચેપ છે, જેમાં શીતળા જેવા લક્ષણો પણ દેખાય છે.

સેન્ટર ફોર કોમ્યુનિટી મેડિસિન, ઈૈસ્જી ખાતે કામ કરતા એડિશનલ પ્રોફેસર હર્ષલ સાલ્વે કહે છે કે મંકીપોક્સ દર્દીઓના શ્વાસોચ્છવાસના ટીપાં અને શરીરના પ્રવાહીના સંપર્કથી મનુષ્યમાં ફેલાય છે. દર્દીઓને અલગ કરીને અને તેમના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરીને તેને ફેલાવાથી રોકી શકાય છે. ભારતમાં મંકીપોક્સના અત્યાર સુધીમાં ચાર કેસ નોંધાયા છે. તાજો મામલો દિલ્હીના ૩૪ વર્ષીય યુવકનો છે. યુવકનો કોઈ વિદેશ પ્રવાસનો ઈતિહાસ નથી પરંતુ તે હિમાચલ પ્રદેશમાં એક પાર્ટીમાં ગયો હતો. યુવકના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે અને તેમને અલગ કરવામાં આવી રહ્યા છે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs. +5%GST
મિનીમમ ૫ લાઈન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


### દૂધ સંઘના ચેરમેન ગોરધન ધામેલીયા તથા નિયામક મંડળ દ્વારા

## લમ્પી સ્કીન ડીસીસ વેકિસનેશન કેમ્પેઈનની શરૂઆત

### તમામ દૂધ મંડળીઓના પશુપાલકોને આર્થિક નુકશાન ભોગવવું ન પડે તેવો નિયામક મંડળનો નિર્ણય





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૬

રાજકોટ દૂધ સંઘ સાથે જોડાયેલા હજારો પશુપાલકો અચાનક આવી પડેલી લમ્પી વાયરસ રૂપી કુદરતી મહામારીથી ચિંતિત છે. પોતાના મહામુલી મિલકત એવા માલઢોરને બચાવવા માટે પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે રાજકોટ દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા અને નિયામક મંડળે કોઈપણ પ્રકારની રાહ જોયા વગર યુધ્ધના ધોરણે લમ્પી વાયરસની રસીના ડોઝ દૂધ સંઘ સાથે જોડાયેલા પશુપાલકોના પશુઓને વિનામૂલ્યે આપવાનો ઝડપી નિર્ણય કરી તા.૧૪ થી ગાય વર્ગના પશુઓમાં ફેલાયેલા લમ્પી સ્કીન ડીસીઝને અંકુશમાં લેવા માટે વેકિસનેશનની કામગીરી શરૂ કરી દીધેલ છે અને દૂધ સંઘે વેકિસનનો તમામ ખર્ચ ભોગવવાનો નિર્ણય કરેલ છે. આજદિન સુધીમાં ૯૦ હજારથી વધુ પશુઓને રસીકરણ થઈ ગયેલ છે. તેમજ દૂધ સંઘનો કુલ ટાર્ગેટ ૧.૨૦ લાખ પશુઓને રસીકરણનો છે. રાજકોટ દૂધ સંઘની પશુપાલન અને સહકાર વિભાગની ટીમ ગામે ગામ લમ્પી વાયરસના સર્વે કરીને વિનામૂલ્યે પશુપાલકો માટે વેકિસન પહોંચતી કરી રહી છે. દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા અને મેનેજીંગ ડિરેકટર વિનોદ વ્યાસ તેમજ નિયામક મંડળનાં તમામ સભ્યો લમ્પી વાયરસના ચેપીરોગથી ચિંતિત છે ત્યારે દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયાએ રસીકરણની કામગીરીનો સર્વે કરવા માટે આજ રોજ લોધિકા, કોટડાસાંગાણી, ધોરાજી, ગોંડલ અને જામકંડોરણાના ગામોની મુલાકાત લઈ રસીકરણની થઈ રહેલ કામગીરીનું જાત નિરીક્ષણ કરેલ હતું. આ કામગીરીમાં શૈલેષભાઈ ખાતરા, સુરેશભાઈ લુણાગરીયા તેમજ પશુપાલન વિભાગની ટીમ સાથે જોડાયેલ હતી.

વધુમાં દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયાએ પશુપાલકોના માથે આવી પડેલ લમ્પી વાયરસના કુદરતી પ્રકોપ સામે લડવા માટે દૂધ સંઘ પુરા પ્રયત્ન કરશે અને પશુપાલકોની સાથે રહીને આ વાયરસ અંકુશમાં લેવા માટે અને પશુધન બચાવવા યુધ્ધના ધોરણે કામગીરી કરશે તેવી ખાતરી આપેલ હતી. (૧૩)

### વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા

## બાળકોને ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવમાં જોડાવવા માટે ગોપી-કિશન સ્પર્ધાનું આયોજન

### શહેરના ૮ વિસ્તારોમાં ફોર્મ વિતરણઃ ફોર્મ પરત કરવાની છેલ્લી તા.૩ ઓગષ્ટ

### તા.૭ ઓગષ્ટના રોજ અટલ બિહારી બાજપાઈ ઓડિટોરીયમ ખાતે આયોજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૬

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા માટે અનેકવિધ કાર્યક્રમોનું અદકેરૂ આયોજન કરવામાં આવ્યું છે. બાળકોને ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવમાં જોડવા માટે ગોપી-કિશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી અને તદ્દન નિઃશુલ્ક ધોરણે આ સ્પર્ધા યોજવામાં આવે છે.

આ સ્પર્ધાના સંયોજક તરીકે કેતનભાઈની વરણી કરવામાં આવી છે. ગોપી-કિશન સ્પર્ધાના સહસંયોજક પદે રમાબેન હેરભા તથા સ્પર્ધાના ઈન્ચાર્જ તરીકે સુશીલભાઈ પાંભર સેવા આપશે.

ગોપી-કિશન સ્પર્ધા-૨૦૨૨નું આયોજન તા.૭/૮/૨૦૨૨ને રવિવારના રોજ અટલ બિહારી બાજપાઈ ઓડિટોરીયમ, પેડક રોડ, ઉપલા કાઠા ખાતે બપોરે ૩થી ૬ કલાક સુધી કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં અલગ-અલગ ૩-ગ્રુપમાં ગ્રુપ-એ માં ૨ થી ૫ વર્ષના ઉંમરના, ગ્રુપ-બી માં ૬ થી ૯ વર્ષ ઉંમરના તથા ગ્રુપ-સી માં ૧૦ થી ૧૨-વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આમ આ ગોપી-કિશન સ્પર્ધામાં ભાગ લેવાની ઉંમર મર્યાદા ૧૨-વર્ષ રાખવામાં આવી છે. બનેલા પાત્ર વિશે ઓછામાં ઓછુ એક વાક્ય બોલી શકવા માટે સક્ષમ હોવું જોઈએ.

કાર્યક્રમની એક કલાક પહેલા સ્પર્ધક માટેનું કાર્ડ મેળવી લેવાનું રહેશે. આ ગોપી-કિશન સ્પર્ધા માટેના ફોર્મ સમાજના દરેક લોકોને અને શહેરના અલગ-અલગ વિસ્તારોમાં સરળતાથી મળી રહે તે માટે અલગ-અલગ આઠ સ્થળો ઉપર ફોર્મ મેળવી અને પરત કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ફોર્મ ભરીને પરત આપવા માટેની છેલ્લી તા.૩/૮ નિયત કરવામાં આવી છે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

આ સ્પર્ધામાં વિજેતા બાળકોને ગ્રુપવાઈઝ અલગ-અલગ કેટેગરીમાં પ્રોત્સાહક ઈનામોથી આપવામાં આવશે. વિજેતા ઉપરાંત પ્રોત્સાહક ઈનામો આપીને બાળકોનો ઉત્સાહ બરકરાર રાખવાનું આયોજન કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે સુશીલભાઈ પાંભર (મો.નં.૯૮૭૯૨ ૧૬૭૪૭), મેહુલભાઈ જોષી (મો.નં. ૯૪૨૯૫ ૦૦૮૨૯)નો સંપર્ક કરવો.

ગોપી-કિશન સ્પર્ધા-૨૦૨૨ માં ભાગ લેવા માટેના ફોર્મ મેળવવા તથા પરત કરવા માટેના સ્થળો વિઝન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, સેન્ટ ગાર્ગી સ્કૂલ, વિશ્વ હિન્દુ પરિષદ કાર્યાલય, ચાણક્ય વિદ્યાલય, પૂજા હોબી સેન્ટર, દિપક રેડીમેઈટ હાઉસ, ઓમ વિદ્યાલય, શ્રીજી ટાઈપીંગ એન્ડ ઝેરોક્ષ, સરનામેથી ફોર્મ મેળવી તા. ૦૩/૦૮ સુધીમાં પરત આપવાનું રહેશે.બાળકોને પ્રોત્સાહન આપે તેવી ભાવના સાથે વિ.હિ.પ. જન્મોત્સવ સમિતિ દ્વારા જાહેર જનતા આ સ્પર્ધામાં બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લેવા સમિતિના મહામંત્રી નિતેશભાઈ કથીરીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

### હવે પશુપાલકો અને દૂધ ઉત્પાદકોએ પશુમેળા યોજવા નહીં પડે

## શ્વેતક્રાંતી બાદ હવે અમુલમાં ડીજીટલ ક્રાંતી, ૩૬ લાખ પશુપાલકોનું ઓનલાઈન જોડાણ

### અમૂલના મહાકાય પરિવારના સભ્ય પશુધનનું ખરીદ– વેચાણ હવે ડીજીટલ પધ્ધતિથી કરશે



**(એજન્સી સમાચાર)** વડોદરા, તા.૨૬

ગુજરાત અને દેશભરમાં દૂધક્રાંતી એટલે કે શ્વેતક્રાંતીનું સર્જન કરવામાં સિંહફાળો આપનાર અમૂલ ડેરી કંપનીએ હવે ડીજીટલ યુગમાં પ્રવેશ કરી નવી ક્રાંતીનાં મંડાણ કર્યા છે. વિશ્વની સૌથી મોટી ડેરી કંપની સાથે જોડાયેલા ૩૬ લાખ પશુપાલકો અને દૂધ ઉત્પાદકો પશુધનની લે-વેચ ઓનલાઈન કરી શકશે. હવે ડીજીટલ યુગમાં માલધારી અને દૂધ ઉત્પાદકોનાં પ્રવેશ સાથે અમુલ કંપનીએ ફરીવાર દેશ માટે પથદર્શકનું કામ કર્યું છે. આ માટે અમૂલ કંપનીએ એક વિશિષ્ટ એપ વિકસાવી છે. જેમાં લોગઇન કરીને પશુપાલકો બિઝનેસ કરી શકશે, વેપાર કરી શકશે અને પશુધનને લે-વેચ કરી શકશે.

અગાઉ પશુધનના ખરીદ-વેચાણ માટે આપણે ત્યાં સદીઓથી ઠેરઠેર પશુમેળા યોજવાની પરંપરા ચાલતી આવી છે. પણ આવા પશુમેળા ભૂતકાળ બની જશે અને આ તમામ કામગીરી ડીજીટલ થઇ જશે. જૂનાગઢના એક પશુપાલકે ગીર અને કાંકરેજી વાછરડાને વેચવા માટે કોઈ તકલીફ પડી ન હતી. એ જ રીતે કચ્છના દૂધ ઉત્પાદક કિસાન અને સુરતનાં દૂધ ઉત્પાદકને મહેસાણી ભેંસ ખરીદવામાં અને વેચવામાં પણ તકલીફ પડી નથી. ઉતર ગુજરાત અને કચ્છમાં ઘરે બસીને તેઓ સોદા કરી રહ્યા છે.

અમુલે રાજ્યનાં તમામ ડેરી સંઘ માટે એપ તૈયાર કર્યું છે. જેના મારફત પશુધનનું ખરીદ- વેચાણ ઓનલાઈન કરવાની સવલતો ઉભી કરવામાં આવી છે. એક સમાન પ્રકારનું સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું હતું. હવે મધર એપ મારફત અત્યાર સુધીમાં પાંચ લાખ પશુપાલકો અને દૂધ ઉત્પાદકો સેવાનો લાભ લઇ રહ્યા છે.

મધર એપમાં ખાસ પશુધન વિભાગ મુકવામાં આવ્યો છે. જેના મારફત ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા કિસાનો પશુધનનું ખરીદ- વેચાણ કરી શકશે અને વચેટિયાઓ તથા દલાલો પર આધાર રાખવો નહીં પડે. તેમ અમુલનાં ચીફ ઓપરેટીંગ ઓફિસર જયન મહેતાએ જણાવ્યું હતું.

ગયા રવિવારે એક જ દિવસમાં ૪૦ હજાર જેટલા ડેરી કિસાનોએ પશુધન ફીચરમાં લોગઇન કર્યું હતું. ૧૩૨ જેટલા પશુની એન્ટ્રી આપી હતી. એ માટે ૭૫૦૦ જેટલા ખરીદદારોએ રસ બતાવ્યો હતો. સૌથી વધુ રસ ખેડાનાં મહુધા તાલુકાનાં નડગામની ગાયને કારણે ઉભો થયો છે. આ ગાય દરરોજ ૧૦ લીટર દૂધ આપે છે. જેની વેચાણ કિંમત રૂ.૫૫ હજાર સુધી પહોંચી છે. આ એપની બીજી સુવિધા એ છે કે, ખેડૂતો દૂધ ઉત્પાદનનો રેકર્ડ પણ સાચવીને રાખી શકે છે.

દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓએ અપાયેલી એપની પધ્ધતિ મારફત દરેક દૂધ ઉત્પાદક તરફથી કેટલી દૂધની પ્રાપ્તિ થઇ, રોજિંદો કેટલો વ્યવહાર થયો તેની તમામ વિગતો મોબાઈલ એપમાં અપલોડ કરી દેવામાં આવે છે. વાર્ષિક બોનસની વિગતો પણ તેમાં મુકવામાં આવે છે. અમૂલની પશુધન એપ સિસ્ટમનાં આધારે હવે બીજી અન્ય વિખ્યાત ડેરી બનાસકાંઠાની બનાસ ડેરી, મહેસાણાની દૂધસાગર ડેરી અને ગોધરાની પંચામૃત ડેરી દ્વારા પણ પશુધન એપનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે.

અમુલ માને છે કે, ડીજીટલ વ્યવસ્થા ગોઠવવાથી ડેરી અર્થતંત્ર વધુ વેગવાન બનશે. ભિન્ન- ભિન્ન પ્રકારની અન્ય સવલતો પણ કિસાનોને મળતી થશે. પશુધનનાં આરોગ્યમાં સુધારો થશે, વધુ સારી પશુ ચિકિત્સા મળશે, અલગ- અલગ પ્રકારનાં બ્રીડીંગમાં પણ પશુપાલકોને મદદ મળશે. જેનાથી એમની આવકમાં પણ વધારો થશે.(૨.૧૨)

## વેદાંત ફાઉન્ડેશનના ઉપક્રમે સેલ્ફ ડિફેન્સ અવેરનેસ બુકનું શાળામાં વિતરણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૬

વેદાંત ફાઉન્ડેશનના ઉપક્રમે આઈ એમ રેડી – મેન્સ્ટ્રુઅલ અને સેલ્ફ ડિફેન્સ અવેરનેસ બુકનું ૨૦૦૦ શાળાઓમાં વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. રાજયની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતી લગભગ ૧૬.૫૦ લાખથી વધુ કુમારીકાઓમાં પીરીયડસ અને સ્વરક્ષણની વૈજ્ઞાનિક સમજ કેળવાય તથા છાત્રાઓ શિક્ષણ અધવચ્ચે ન છોડે અને પીરીયડસ દરમ્યાન સાવચેતીના અભાવે ગંભીર બિમારીનો શિકાર ન બને તે માટે વેદાંત ફાઉન્ડેશનના ઉપક્રમે તમામ શાળાઓમાં આઈ એમ રેડી નામની ગ્રાફીકસ બુકનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે . વિદ્યાર્થીનીઓ માટે ઘણા બધા આયોજનો ગોઠવવામાં આવ્યા છે. ૫૦૦ શાળાઓમાં આ પુસ્કત ભેટ આપવામાં આવશે તેવું વેદાંતના સી.એસ. રાજ સોની અને ડો.પરેશ જોટંગીયા એ જણાવ્યું હતું. આ માટે મદદરૂપ બનનાર દાતાઓનો વેદાંત પરિવારે આભાર વ્યકત કર્યો છે. વેદાંત ફાઉન્ડેશન અત્યાર સુધીમાં ૭૦૦૦ થી વધુ કુમારીકાઓને મેન્સ્ટ્રુઅલ હાઈજીન અને સેલ્ફ ડિફેન્સ તથા અંગ્રેજી વિષયની તાલિમ આપી ચુકયો છે. સાત શૈક્ષણિક સંસ્થાઓ સાથે વેદાંતના એમ.ઓ.યુ. થયેલા છે. વેદાંત સાથે શિક્ષકો , ડોકટર્સ, વકિલ , સામાજિક કાર્યકર્તાઓ સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ જોડાયેલા છે. મેન્સ્ટ્રુઅલ હાઈજીન મેનેજમેન્ટ તાલિમ, સેલ્ફ ડિફેન્સ, સેનેટરી નેપકીન વિતરણ, અવરનેસ બુક ડિસ્ટ્રીબ્યુશન, સ્ટેશનરી ડિકસ્ટ્રીબ્યુશન તથા પર્યાવરણ જાગૃતિ જેવા કાર્યો સાથે વેદાંત ફાઉન્ડેશન જોડાયેલું છે. વિવિધ સેવાકીય પ્રક્લ્પોમાં સહભાગી થવા તથા વિશેષ માહિતી માટે તથા સંસ્થાને મદદરૂપ બનવા માટે ડો. અર્જુન દવેનો મો.નં.૯૭૨૩૪ ૭૬૨૫૧ ઉપર સંપર્ક કરવા રાજેશ જે. ભાતેલીયા, પૂર્વ એન્ટિ રેગીંગ કમિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.


અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

## તંત્રી સ્થાનેથી...

### આપત્તિ સમયે બચાવની તાલીમ...

અકસ્માત સમયે ઘાયલ વ્યક્તિને સ્થળ પર કેવી રીતે પ્રાથમિક સારવાર આપી શકાય પૂર સમયે પાણીના પ્રવાહમાં ડૂબતી વ્યક્તિને કેવી રીતે બચાવી શકાય? હૃદય હુમલો આવે તો કેવી રીતે મદદરૂપ બની શકાય સહિત વિવિધ આપત્તિ સમયે કેવી રીતે માનવ ઝીંદગી બચાવી શકાય તે અંગે માર્ગદર્શન અને તાલીમ વી. વી. પ્રસન્ના સિક્સ બટાલિયન કમાન્ડમેન્ટ એન.ડી.આર.એફ.ના ઈન્સ્પેકટર ભરતકુમાર મૌર્ય તેમજ ટીમ દ્વારા રાજકોટ જિલ્લામાં વિવિધ શાળા કોલેજમાં આપવામાં આવી રહ્યું છે.

એન.ડી.આર.એફ.ના ઈન્સ્પેકટર ભરતકુમારના જણાવ્યા મુજબ રાજકોટ જિલ્લામાં એન.સી.સી.ના ૫૫૫ કેડેટ્સ સહીત ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને જનજાગૃતિ અભિયાન હેઠળ થિયરી, પ્રેક્ટિકલ અને ડેમોસ્ટ્રેશન દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું છે.

એન.ડી.આર.એફ.ના ઈન્સ્પેકટર ભરતભાઈ જણાવે છે કે, અકસ્માત સમયે એમ્બ્યુલન્સ આવે તે પહેલા જો ઘાયલ વ્યક્તિને પ્રોપર બેન્ડેઝ દ્વારા લોહી નીકળતું અટકાવવામાં આવે તો તેની જાન બચી શકે છે, જેની તાલીમ અમે વિદ્યાર્થીઓને આપીએ છીએ. તે જ રીતે હાલ ચોમાસાની ઋતુમાં પૂર જેવી પરિસ્થિતિમાં બાંબુ અને મટકા જેવા સાધનોથી તરાપા તૈયાર કરવા, પાણીના બહાવમાં દોરડા વડે તણાતી વ્યક્તિનો બચાવ અંગે માર્ગદર્શન પણ આપીએ છીએ. જયારે કોઈ સ્થળ પર અચાનક વ્યક્તિને હાર્ટ અટેક આવે તો સી.પી.આર. કેવી રીતે આપી શકાય તેનું પણ પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન આપવામાં આવે છે.

ટીમ દ્વારા ખાસ કરીને ડેમ વિસ્તારમાં આ કાર્યક્રમ દરમ્યાન ડેમની સપાટી અંગે લોકોને માહિતગાર કરવામાં આવે છે, જો ડેમની સપાટી વધે અને નિચાણ વાળા વિસ્તારમાં પાણીનો ફ્લો વધે તેવી સ્થિતિમાં કઈ રીતે લોકોનું સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવું તે અંગે ખાસ માહિતગાર કરવામાં આવે છે.

આ જનજાગૃતિ અભિયાન આગામી તા.૩૦ સુધી વિવિધ શાળા કોલેજમાં ચલાવવમાં આવશે તેમ ડિઝાસ્ટર સેલના ડીસ્ટ્રીકટ પ્રોજેક્ટ ઓફિસર અમરિન ખાને જણાવ્યું છે.

# ભારતમાં મોઢા તથા ગળાના કેન્સરમાં દર વર્ષે ૫ લાખ કેસનો ઉમેરો જેમાં ગુજરાત મોખરેઃ દર કલાકે એકનું મૃત્યુ




વોકહાર્ટ હોસ્પિટલના ડો.ખ્યાતીબેન વસાવડા, ડો.પુજાબેન તન્ના, ડો.રામ ક્રિષ્ન, ડો.જગદીશભાઈ ખોયાણી, વિશ્વ હેડ એન્ડ નેક કેન્સર દિવસ નિમિતે મીડિયાને માહિતી આપતા નજરે પડે છે. (તસવીરઃ પંકજ ડાભી)

### કેન્સરનું સમયસર નિદાન અને સારવાર ખૂબ જ જરૂરીઃ ડો.ખ્યાતિ વસાવડા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

શહેરની વોકહાર્ટ હોસ્પિટના ડો.ખ્યાતી વસાવડાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું છે કે, દર ૨૭ જુલાઈ વિશ્વ હેડ એન્ડ નેક કેન્સર દિવસ તરીકે ઉજવાય છે.હેડ એન્ડ નેક કેન્સર શું છે ? અને શા માટે તેની જાગૃત્તા માટે આટલા કાર્ય કરવામાં આવે છે.મોઢા તથા ગળાના કેન્સર એ એક અગત્યની સ્વાસ્થ્યને લગતી તકલીફ છે. જેનુ ઈલાજ ના કરાવતા જીવનુ જોખમ ઘણુ વધી જાય છે. આ પ્રકારના કેન્સર મુખ્યત્વે તમાકું, બીડી, દારૂ જેવા વ્યસનોના કારણે થતા હોય છે. જેને શરૂઆત ના તબકકે જ પકડીને સારવાર કરવાથી વધુ સારા અને સચોટ પરીણામો મળે છે અને તેની સાથે દર્દી ને એક નવુ જીવન મળે છે.

વિશ્વ હેડ એન્ડ નેક કેન્સર દિવસ સામાન્ય લોકો તેમજ ચિકિત્સકોમાં જાગૃત્તા ફેલાવા માટેનું એક પગલુ છે.જેથી કરીને આ પ્રકારના કેન્સરનો ઈલાજ શરૂઆતના તબકકામાં જ કરીને આપણા સ્વાસ્થ્ય પ્રણાલી ઉપરનો ભાર ઓછો કરી શકાય.

આ ૨૦૨૨ ના હેડ એન્ડ નેક કેન્સર નિમિતે વોકહાર્ટ હોસ્પિટલ મોઢા તથા ગળાના કેન્સરના દર્દીઓ માટે આધુનિક ઈલાજ તેમજ નકારાત્મકતા અને સામાજીક અસગ્રસ્તતા ઘટાડવા માટેનો પ્રયત્ન કરે છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડેટા પ્રમાણે ભારતમાં દર વર્ષે મોઢા અને ગળાના કેન્સર ઉભરાતા જણાય છે.જેમાં અંદાજીત દર કલાકે ૧ વ્યકિતના મૃત્યુનું કારણ કેન્સર હોય છે. શરૂઆતના તબકકામાં નિદાન થતા મોઢા તથા ગળાનુ કેન્સર દર્દીનુ જીવન બચાવી શકે છે અને રોગ મુકત જીવનની તકો વધી જાય છે.આ માટે કેન્સરના નિષ્ણાંત ડોકટરની સલાહ લેવી જોઈએ. તેમ જણાવ્યું છે.

# મિનાક્ષીબેન દવેએ પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૨માં દ્વિતિય સ્થાન મેળવ્યું

### રાજકોટમાં મિનાક્ષીબેન દવેનું સન્માન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

મિનાક્ષીબેન મનહરલાલ દવેએ સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. જેઓએ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૨ માં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા ૬૩ કિલોગ્રામ વર્ગ – માસ્ટર ૨ માં દ્વિતીય સ્થાન મેળવ્યું છે. આ સ્પર્ધા, હાલમાં જ ૫ જુલાઈથી ૧૦ જુલાઈ સુધી તેલાંગાણાના હૈદરાબાદ ખાતે યોજાઇ હતી. જે ઇન્ટરનેશનલ પાવરલિફ્ટિંગ ફેડરેશન, એશિયન પાવરલિફ્ટિંગ ફેડરેશન અને કોમનવેલ્થ પાવરલિફ્ટિંગ ફેડરેશન દ્વારા સંલગ્ન છે. જેમાં રાજકોટની મિનાક્ષીબેન દવેએ ગુજરાતને ગૌરવ અપાવી દ્વિતીય સ્થાનમેળવી નારીશકિતનો પરચમ લહેરાવ્યો છે અને આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરી દેશને મેડલ અપાવવા માટે દ્રઢનિશ્ચયી છે.

પોતાના જન્મદિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમ પ્રસંગે મિનાક્ષીબેન દવેએ જણાવ્યું, આજે દરેક ક્ષેત્રમાં મહિલાઓ પોતાની ક્ષમતાને સાબિત કરી રહી છે. ઉંમર , સામાજિક સહિતના અન્ય પરિબળોનો પડકાર ઝીલી મહિલાઓ આજે સાહસિક બની છે અનેનવા શિખરો સર કરી રહી છે. હું પોતે બે સંતાનોની માતા હોવા છતાંપાવરલિફ્ટિંગ ક્ષેત્ર સાથે ૪૦ વર્ષની ઉંમરે જોડાઇ હતીઅને ખાસ કરી



ગુજરાતી મહિલાઓ માટે એકદમ અજાણ્યા એવા પાવરલિફ્ટિંગ ક્ષેત્રમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરી રહી છું અને રાજ્યને ગૌરવ અપાવી રહી છું. જેથી હું દરેક મહિલાને કહીશ કે તેમને પસંદ હોય તેવા કોઇપણ ક્ષેત્રમાં ઝંપલાવો અને મહેનત, લગન અને શિસ્તતા સાથે તે સિદ્ધિ મેળવવા માટે આગળ વધશો , તો તમે પણ અન્ય મહિલાઓ માટે ઉદાહરણરૂપ બની શકશો.

તેઓએ આ પહેલા ગુજરાતને ગૌરવ અપાવતા વર્ષ ૨૦૧૬ માં તામિલનાડુના વેલ્લુર ખાતે આયોજિત પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિ મેળવનાર તેઓ ગુજરાતની પ્રથમ મહિલા છે.

# ભેજાબાજ આંતર રાજ્ય ગેંગને ઝડપી લેતી પોલીસ

### એટીએમ માંથી ૧ લાખ કાઢી, આઉટર પકડી રાખી, એરર દર્શાવી બેંક પાસેથી પૈસા વસૂલતા ચાર ગઠીયા ઝબ્બેઃ ૨૨ એટીએમ કાર્ડ, ૩ પાસબૂક સહિતનો મુદામાલ કબ્જે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૬

શહેરમાં એટીએમ સેન્ટરમાં કાર્ડ નાખી પૈસા ઉપાડી શટર પકડી રાખી એરર દર્શાવી બેંક પાસે પૈસા જમા નથી થયા તેવી અરજી કરી પૈસા પરત મેળવી લેતી આંતર રાજ્ય ગેંગને ગાંધીગ્રામ પોલીસે દબોચી લઇ ૨૨ એટીએમ કાર્ડ, ૩ પાસબુક, બે ફોન કબ્જે કર્યા છે.

રાજકોટમાં એટીએમ સેન્ટર મારફ્તે ઠગાઈ કરતી ટોળકી સક્રિય થઇ હોવાની સચોટ બાતમી આધારે ગાંધીગ્રામ પીઆઈ જી એમ હડિયા અને ટીમે પુનીતનગરના મહમદ અહેમદ ઈસ્માઈલ બુમ્બીયા, રામનગરના કરણ હરીશ ઉનડકટ, હરિયાણાના તાલિબહુસેન હામીદહુસેન મેંઉ અને મુબીનખાન નુરમોહમદ મેઉને ઝડપી લઇ પુછતાછ કરતા એચડીએફસી બેન્કનું કાર્ડ એસબીઆઈના એટીએમમાં નાખી પૈસા કાઢી આઉટર બોક્સ પકડી રાખી બંધ થવા દેતા નહીં જેથી મશીનમાં એરર આવી જતી અને પૈસા વી ડ્રો થયા નથી તેવો મેસેજ બેંકમાં જતો બાદમાં ફરિયાદ કરી પૈસા પરત ખાતામાં જમા કરાવવા એસબીઆઈ બેન્કને જણાવતા ફરીથી તેના ખાતામાં પૈસા જમા કરાવી ઠગાઈ કરતા હોવાની અને અત્યાર સુધીમાં ૧ લાખ ૬ હજાર જેટલી રકમ આ રીતે મેળવી લીધી હોવાની કબુલાત આપતા પોલીસે ધરપકડ કરી છે ચારેય આરોપી ઠગાઈના એક એક ગુનામાં પકડાઈ ચુક્યા છે.

# ભક્તિનગરની એસબીઆઇ બ્રાંચમાં ચોરીનો પ્રયાસ : બે સીસીટીવીમાં કેદ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ : શહેરના યુનીવર્સિટી રોડ પર શિલ્પન ઓનેક્સ ફ્લેટમાં રહેતા અને ગોંડલ રોડ પર આવેલ ભક્તિનગર એસબીઆઇ બ્રાંચમાં મેનેજર તરીકે ફરજ બજાવતા દીપકકુમારસિંગ નંદકિશોરસિંગએ એ ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે સવારે પટ્ટાવાળાએ ગ્રીલ તૂટેલી છે તેવો ફોન કરતા તુરંત જઈને સીસીટીવી ચેક કરતા પોણા બે આસપાસ બે શખ્સો ઉપરથી આવી બારીની ગ્રીલ તોડી બેંકમાં પ્રવેશી તમામ ખાના ચેક કરતા હોવાનું જોવા મળ્યૂં હતું જો કે કઈ ચોરાયૂં ન હોય પીઆઈ જોષી તપાસ ચલાવી રહ્યા છે.

# વિધાનસભા ૬૯ અને ૭૦ ના વોર્ડ પ્રભારીઓની વોર્ડવાઈઝ બેઠકનો પ્રારંભ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

સંગઠન સંરચના અને આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હોય તે અંતર્ગત વિધાનસભા-૬૯ના પ્રભારી લાલજીભાઈ સોલંકી દ્વારા વોર્ડ નં.૧,૨,૩,૮,૯,૧૦ના અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે તેમજ વિધાનસભા-૭૦ના પ્રભારી વસુબેન ત્રિવેદી દ્વારા વોર્ડ નં.૭,૧૩,૧૪,૧૭ના અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે બેઠકનો શહેર ભાજપ કાર્યાલય ખાતે પ્રારંભ થયો હતો. જેમાં વિધાનસભા-૬૯ના સમાવિષ્ટ વોર્ડ માટે લાલજીભાઈ સોલંકી તેમજ વિધાનસભા-૭૦ના સમાવિષ્ટ વોર્ડ માટેં વસુબેન ત્રિવેદી દ્વારા પાર્ટી દ્વારા યોજાનાર આગામી કાર્યક્રમો અને વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી વોર્ડના બુથ-શક્તિકેન્દ્રો, પેજપ્રમુખ- પેજસમિતિ સહિતની સંગઠનાત્મક બાબતો ઉપર ચર્ચા-વિચારણા કરાયેલ હતી અને વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પડાયુ હતું.આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં વોર્ડમાં રહેતા અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓ જેમાં વોર્ડમાં રહેતા શહેર ભાજપના હોદેદારો, વોર્ડના પ્રભારી, પ્રમુખ,મહામંત્રી, વોર્ડના કોર્પોરેટર, વોર્ડમાં રહેતા શિક્ષણ સમિતિના સદસ્યો, વોર્ડમાં રહેતા સેલ સંયોજકો, શહેરના મોરચાના પ્રમુખ, મહામંત્રી, વોર્ડમાં આવતા મોરચાના પ્રમુખ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકને સફળ બનાવવા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પારેખ, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષી, કાર્યાલય પરિવારના રમેશભાઈ જોટાંગીયાએ જહેમત ઉઠાવી હતી.

# સરદાર સરોવર ડેમના ભૂગર્ભ જળ વિદ્યુત મથકમાં દરરોજ રૂ.૪ કરોડનું વીજ ઉત્પાદન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

કેવડિયામાં સરદાર સરોવર ડેમના ભૂગર્ભ જળ વિદ્યુત મથકમાં દરરોજ રૂ.૪ કરોડનું વીજ ઉત્પાદન થવા લાગ્યું છે. નર્મદા નદીમાં પાણી છોડાતા રિવર બેડ પાવર હાઉસમાં દરરોજ સરેરાશ ૨૦ મિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન થાય છે.

સરદાર સરોવર ડેમ ખાતેના ભૂગર્ભ જળ વિદ્યુત મથક દ્વારા છેલ્લા સપ્તાહથી દરરોજ સરેરાશ રૂા.ચાર કરોડની કિંમતનું વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. ચોમાસાના પ્રથમ તબક્કામાં થયેલા સાર્વત્રિક વરસાદથી સરદાર સરોવર ડેમમાં પાણીની આવક થઈ રહી છે. જેથી છેલ્લા એક સપ્તાહથી નર્મદા નદીમાં પાણી છોડાતા રિવર બેડ પાવર હાઉસમાં દરરોજ સરેરાશ ૨૦ મિલિયન યુનિટનું વીજ ઉત્પાદન થઈ રહ્યું છે.

# શહેર ભાજપ કાર્યાલય ખાતે 'હર ઘર તિરંગા' અંતર્ગત બેઠક યોજાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

આઝાદીના અમૃત મહોત્સવ અતંર્ગત દેશભરમાં આગામી તા.૯ ઓગષ્ટથી તા.૧૫ ઓગષ્ટ સુધી દરેક ઘરે તિરંગાનો કાર્યક્રમ યોજવામાં આવશે. તે અંતર્ગત ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાજીની સુચના અનુસાર પાર્ટી દ્વારા દેશના તમામ જિલ્લા- મહાનગરોમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. તે અંતર્ગત શહેર ભાજપ કાર્યાલય ખાતે કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં અને પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની ઉપસ્થિતિમાં બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં માર્ગદર્શન આપતા કમલેશ મિરાણી, ગોવિંદભાઈ પટેલ, ડો.પ્રશાંત કોરાટએ માર્ગદર્શન આપતા જણાવેલ કે, રાજકોટ મહાનગરમાં સ્કૂલો, કોલેજો, સરકારી કચેરી, ઉદ્યોગો, સહકારી સંસ્થાઓ વગેરે સાર્વજનિક સ્થળો પર રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવશે અને દરેક ઘર સુધી રાષ્ટ્રધ્વજ પહોંચે તે માટે સુપેરે આયોજન કરવામાં આવશે અને દેશની આન,બાન અને શાન સમા રાષ્ટ્રધ્વજ પ્રત્યે દરેક નાગરિકના મનમાં રહેલો સન્માનભાવ ઉજાગર થાય તેવા શુભ આશયથી તિરંગા કાર્યક્રમને ભવ્યાતિભવ્ય રીતે સફળ બનાવવામાં આવશે. તેમજ હર ઘર તિરંગા અંતર્ગત ડો.પ્રશાંત કોરાટએ આગામી દિવસોમાં દેશભક્તિનું વાતાવરણ ઉભુ કરવા યુવા મોરચા દ્વારા પ્રચાર-પ્રસાર, દરેક વોર્ડમાં પ્રભાતફેરી, રાષ્ટ્રભક્તિના ગીતો, મહાનગરમાં આવેલ મહાપુરૂષોની પ્રતિમાને પુષ્પાંજલિ અને સ્મારકો પર સ્વચ્છતા અભિયાન, તિરંગા યાત્રા સહીતના કાર્યક્રમો અંતર્ગત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં શહેરના હોદેદારો, વોર્ડના પ્રભારી- પ્રમુખ-મહામંત્રીઓ, મોરચાના પ્રમુખ-મહામંત્રી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકની સંપૂર્ણ વ્યવસ્થા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ અને શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ સંભાળી હતી.

# ધોરણ ૧૧ની વિદ્યાર્થીનીનું પાંચ શખ્સો દ્વારા કારમાં અપહરણ

### પિતા સાથે વાત કર્યા બાદ ફોન બંધ કરી દીધો : ૫ સામે ફરિયાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

શહેરના કોઠારિયા રોડ પર રહેતા એક વેપારીની ૧૬ વર્ષીય સગીર દીકરીના અપહરણ અંગે પિતાએ પ્રદીપ ઉર્ફે પારસ મૈયડ, ભાર્ગવ જોષી, હરપાલ કીડીયા, દિવ્યેશ ઘઘડા અને મોહિત ચૌહાણ સામે ફરિયાદ નોંધાવતા પીઆઈ એલ એલ ચાવડા અને ટીમે તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૩ તારીખે રાત્રે સવા અગ્યાર વાગ્યે મારી દીકરીએ એકટીવા ઘરમાં લઇ લવ છું તેમ કહી બહાર ગયા બાદ દસ મિનિટ સુધી પરત નહીં આવતા નીચે તથા બાજુમાં રહેતા સસરાના ઘરે તપાસ કરી હતી પરંતુ ક્યાય પતો લાગેલ નહિં બાદમાં હું, પત્ની, પુત્ર સહિતનાઓ દીકરીની શોધમાં ભક્તિનગર સર્કલ પાસે પહોંચ્યા ત્યારે દીકરીએ ફોન કરી જણાવેલ કે અગાઉ જેણે મારૂ અપહરણ કર્યું હતું તે પ્રદીપએ મારી ઉપર સ્કીમ કરી છે મને ધમકી આપી બહાર કઢાવી પારસે અને હરપાલે મારૂ અપહરણ કરાવ્યું છે હું ક્યાં છું તે મને ખબર નથી આટલું કહ્યા બાદ તેનો ફોન સ્વીચ ઓફ થઇ ગયો હતો દરમ્યાન મારી દીકરી ગત સાંજે પરત આવી જતા તેને પૂછતાં તેણીને કારમાં દ્વારકા લઇ ગયા હોવાનું અને તેની સાથે કઈ ખોટું નહીં થયાનું જણાવતા ફરિયાદ નોંધાવી હતી પારસે અગાઉં ૨૦૨૦માં પણ મારી દીકરીનું અપહરણ કર્યું હતું.

# રાજકોટ ક્રાઈમ

### દારૂ પી ઝઘડા કરતા શંકાશીલ પતિ સામે ફરિયાદ

રાજકોટ : શહેરના જાગનાથ વિસ્તારમાં રહેતા સોનલબેન વાણીયાએ ગવલીવાડમાં રહેતા તેના પતિ હસમુખભાઈ હમીરભાઈ વાણીયા સામે મહિલા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું, કે તેના લગ્ન ૨૦૦૮માં થયા હતા લગ્ન બાદ પતિ કઈ કામ કરતો નહી જેથી સાસુ સસરાએ અલગ રહેવા મોકલી દીધા હતા. પતિ દારૂ પી ઝઘડા અને હાથાપાઈ કરતો અને ૮ માસ સુધી ક્યાંક જતા રહ્યા હતા અને ફોન કરી શંકા કરી ધમકી આપતા હું કામે જાવ તો પીછો કરી ડરાવી ત્રાસ આપતા હોવાનું જણાવતા એએસઆઈ આઈ એમ શેખ તપાસ ચલાવી રહ્યા છે.

### કુવામાં પડી જતા શ્રમિકનું મોત

રાજકોટ : હડમતીયા ગોલીડા ગામે વલ્લભભાઈ કાકડિયાની વાડીના કુવામાં યુવાનની લાશ પડી હોવાની જાણ થતા ફાયર બ્રિગેડ સ્ટાફે દોડી જઈ મૃતદેહ બહાર કાઢી આજ ડેમ પોલીસને જાણ કરી હતી પોલીસ તપાસમાં મૃતક રાજસ્થાનનો શ્રવણ દોલાભાઈ કકાન (ઉ.૪૦) હોવાનું અને કુવો ગાળવાની મજુરી કરતો હોવાનું તેમજ અકસ્માતે પડી ગયો હોવાનું જાણવા મળ્યું છે.

### ઘઉંના ટીકડા ખાઈ આપઘાત

રાજકોટ : શહેરના મોરબી હાઈ-વે ઉપર આવેલ ગવરીદડ ગામે રોડ ઉપર સંદીપ જીતેન્દ્રભાઈ જાદવ (ઉ.૨૨) નામના યુવાને સવારે ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લેતા હોસ્પિટલે ખસેડાતા સાંજે સારવારમાં મોત નિપજ્યું હતું બનાવને પગલે કુવાડવારોડ પોલીસ મથકના જમાદાર કરમશીભાઈએ તપાસ કરતા સંદીપ કાગદડી ગામે રહેતો હોવાનું અને ડ્રાઈવીંગ કામ કરતો હોવાનું જાણવા મળ્યું છે મૃતક બે ભાઈમાં નાનો અને અપરણીત હોય કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

### લાખાપર-માધાપરમાં જુગાર રમતા ૨૩ ઝડપાયા

રાજકોટ : રાજકોટમાં જુગારના કેસો કરવાની સુચના અન્વયે આજી ડેમ પોલીસે લાખાપર ગામે દરોડો પાડી જુગાર રમતા રસિક ધાડવી, કલ્પેશ સાંયજા, રાજેશ ધાડવી, વિનોદ મકવાણા અને મુકેશ સોરાણીને ઝડપી લઇ રોકડા ૨૩,૧૫૦ કબ્જે કર્યા છે. જ્યારે ગાંધીગ્રામ પોલીસે બાતમીના આધારે માધાપર ગામે રહેણાંક મકાનમાં દરોડો પાડી જુગાર રમતા ભરત મોલીયા, મનીષ મોલીયા, ધર્મેશ મોલીયા, ચિરાગ મોલીયા, મોહિત મોલીયા, જય નસીત, વિમલ ઢોલરીયા, પંકજ મોલીયા, અજય મોલીયા, પરાગ મોલીયા, મોન્ટુ મોલીયા, ચંદ્રેશ મોલીયા, કલ્પેશ મોલીયા, કૌશિક મોલીયા, રોહિત સખીયા, હાર્દિક મોલીયા, અમિત મોલીયા અને હાર્દિક મોલીયાને દબોચી લઇ ૨૧,૭૮૦કબ્જે કરી તમામ વિરૂધ્ધ જુગારધારા એકટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કણકોટ પાટીયા પાસેથી ૪.૯૭ લાખનો દારૂ ભરેલી બોલેરો પીકઅપ પકડાઇ

### પોલીસને જોઇ ચાલક ભાગી ગયોઃ કુલ રૂા. ૯.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે



રાજકોટ, તા. ૨૬ કાલાવડ રોડ પર કણકોટ ગામના પાટીયા સામેના રોડ પરથી એલસીબી ઝોન-૨ની ટીમે રૂા. ૪.૯૭ લાખનો દારૂ ભરેલી બોલેરો પીકઅપ પકડી લઇ ભાગી ગયેલા ચાલકની શોધખોળ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ દારૂ જૂગારની પ્રવૃતિને ડામવા ઉચ્ચ અધિકારીઓની સુચના મુજબ ડીસીપી ઝોન-૨ની એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડકોન્સ. હરપાલસિંહ જાડેજા, કોન્સ. અમીનભાઇ ભલુર અને મનિષભાઇ સોઢીયાને મળેલી બાતમીને આધારે કણકોટ પાટીયા સામેના રોડ પર વોચ રાખતાં જીજે૧૧ઝેડ-૯૧૪૮ નંબરની બોલેરોનો ચાલક પોલીસને જોઇ ગાડી મુકી ભાગી ગયો હતો. આ ગાડીમાં દારૂ હોવાની બાતમી હોઇ પોલીસે ચેક કરતાં ઠાઠામાંથી રૂા. ૨,૫૪,૪૦૦ની મેકડોવેલ્સ નંબર વન વ્હીસ્કીની ૬૩૬ બોટલ, ઓલ સિઝન વ્હીસ્કીની રૂા. ૨,૪૩,૦૦૦ની ૪૮૬ બોટલો મળી રૂા. ૪,૯૭,૦૦૦નો દારૂ મળતાં તે તથા ૫ લાખની ગાડી મળી કુલ રૂા. ૯,૯૭,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ તથા ડીસીપી ઝોન-૨ સુધીરકુમાર દેસાઇની રાહબરીમાં પીએસઆઇ એ. એલ. બારસીયા, હેડકોન્સ. હરપાલસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ ઝાલા, મૌલિકભાઇ સાવલીયા, કોન્સ. જેન્તીગીરી ગોસ્વામી, અમિનભાઇ ભલુર, ધર્મરાજસિંહ ઝાલા, જયપાલસિંહ સરવૈયા અને મનિષભાઇ સોઢીયાએ આ કામગીરી કરી હતી.

# જેતપુરમાં જાહેરમાં જુગાર રમતી સાત મહિલા સહિત નવ ઝડપાયા

### પોલીસે દરોડો પાડી રૂ.૬૮૦૦નો મુદામાલ જપ્ત કર્યોઃ કલાણામાં ચાર શખ્સોને પતા ટીંચતા રૂ.૩૯૭૦ સાથે દબોચ્યા

રાજકોટ,તા.૨૬

જેતપુર અને કલાણામાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા સાત મહિલા સહિત ૧૩ શખ્સોને રૂ.૧૦ હજારની રોકડ સાથે પોલીસે દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. દરોડાની વિગત અનુસાર જેતપુર પોલીસ મથકના હેડ કોન્સ. સીટી વસૈયા અને કોન્સ. ઘનશ્યામ સિંહ જાડેજાને મળેલ ચોકકસ બાતમીના આધારે જેતપુરના જૂનાગઢ રોડ પર શિવકૃપા સોસાયટીમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા વિજય અરૂણ મકવાણા, ધરમશી ગાંડુ, દક્ષા હરેશ, ગીતા વિક્રમ ગોહીલ, રંજન વિનુ અભાણી, હેતલ અરવિંદ ચૌહાણ, સોનલ સુનીલ પરમાર અને શ્રૃતી વિશાલ ટાંકને રૂ.૬૮૦૦ની રોકડ સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બીજા દરોડામાં કલાણા ગામની ટાંકની ગાડીમાં ઝાડ નીચે જાહેરમાં જુગાર રમતા ભાયા રૂડા ચૌહાણ, સોના બધા ચૌહાણ, ભના અરજણ ગરેજા અને દિનેશ કરશન ચૌહાણને પાટણવાવ પોલીસ મથકના હેડ કોન્સ. કે.પી. જાડેજા અને લોક રક્ષક જયદીપભાઇએ દરોડો પાડી રૂ.૩૯૭૦ની રોકડ સાથે દબોચી કાર્યવાહી કરી હતી.

## પ્રદેશ પ્રોફેશનલ્સ કોંગ્રેસના પ્રમુખ ડો.નિદત્ત બારોટ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

# ગુજરાતમાં સહાયક અધ્યાપકો છેલ્લા પાંચ વર્ષથી પગાર- વધારાના લાભથી વંચિત

**હાલ શાળાના શિક્ષક સહાયક કરતા કોલેજના અધ્યાપક સહાયકોનો પગાર માત્ર ૬૦૦ રૂપિયા જ વધુ હોવાથી અન્યાયની લાગણીઃ તાત્કાલિક નિર્ણય લઈને અધ્યાપક સહાયકોને પગાર રૂ.૭૦ હજાર કરવા અને બઢતી હક્ક આપવા માંગણી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

ગુજરાતમાં સહાયક અધ્યાપકો છેલ્લા પાંચ વર્ષથી પગાર વધારાનાં લાભથી વંચિત છે. પરિણામે હાલ શાળાનાં શિક્ષક સહાયક કરતા કોલેજનાં અધ્યાપક સહાયકનો પગાર માત્ર ૬૦૦ રૂપિયા જ વધુ હોવાથી અન્યાયની લાગણી પ્રસરી હોવાના કારણે ત્વરીત યોગ્ય નિરાકરણ લાવવાની માંગણી સાથે ગુજરાત પ્રદેશ પ્રોફેશનલ્સ કોંગ્રેસના પ્રમુખ ડો. નિદત્ત બારોટ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે.

તેમણે રજૂઆતમાં જણાવ્યું છે કે, ગુજરાત સરકાર દ્વારા વર્ષો પહેલા અધ્યાપક સહાયક નામની યોજના દાખલ કરવામાં આવી હતી. આ યોજનામાં જે તે વખતે કોલેજોમાં પુરા પગાર સાથે અધ્યાપકોની ભરતી કરવાને બદલે ફિક્સ પગાર સાથે અધ્યાપકોની ભરતી કરવામાં આવી હતી. આ અધ્યાપકોને શરૂઆતમાં ૭,૫૦૦ ફિક્સ પગાર મળતો હતો, આ પગારનો ફેરફાર કરીને રાજ્ય સરકારે વર્ષ ઓકટોબર ૨૦૧૨ માં ૧૬,૫૦૦ કરવામાં આવ્યો. ત્યારબાદ વર્ષ મે ૨૦૧૫ થી આ પગાર ૧૬,૫૦૦ થી વધારીને ૨૫,૦૦૦ ફિક્સ પગાર તરીકે કરવાનો નિર્ણય થયો. વર્ષ એપ્રિલ ૨૦૧૭ થી આ પગાર ૨૫,૦૦૦ થી વધારીને ૪૦,૧૦૦ કરવામાં આવ્યો. આમ દર બે થી ત્રણ વર્ષે અધ્યાપક સહાયકોના પગાર ધોરણમાં વધારો કરવામાં આવ્યો હતો. આ વધારો કરવા પાછળ એવા કારણ હતા કે કોલેજના અધ્યાપક સહાયક તરીકે જોડાયેલા ઉમેદવારોને શાળાના શિક્ષકોના પગાર કરતા વધારે પગાર મળવો જોઈએ. કારણ કે, યુજીસી દ્વારા નિયત થયેલા અધ્યાપકોના પગાર ધોરણ પણ રાજ્ય સરકારના ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક કરતાં ઘણા વધારે હોય છે.

જો કે, હાલમાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં નવા જોડાતા શિક્ષક સહાયકોનો પગાર ૩૯૫૦૦ જેટલો છે, જ્યારે અધ્યાપક સહાયકોનો પગાર ૪૦,૧૦૦ છે. આમ અધ્યાપક સહાયકોનો પગાર છેલ્લા પાંચ વર્ષથી પણ વધુ સમયથી ન વધવાને કારણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષક અને કોલેજના અધ્યાપક સહાયક વચ્ચે પગારમાં નજીવો તફાવત રહ્યો છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની લાયકાત અને અધ્યાપક સહાયકની લાયકાત વચ્ચે ખૂબ મોટો તફાવત છે. દાખલા તરીકે ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને પોતે મેળવેલી બી.એડ.ની પદવી ઉપરાંત અનુસ્નાતક વિષયમાં ૫૫% હોવું ફરજિયાત નથી, જ્યારે અધ્યાપક સહાયકને અનુસ્નાતક કક્ષાએ ૫૫% ઉપરાંત ત્રણ વર્ષ સુધી મહેનત કરીને મેળવેલી પીએચડીની પદવી અથવા પ્રમાણમાં કઠિન કહેવાતી નેટ અથવા સ્લેટની પરીક્ષા ઉત્તીર્ણ થવું જરૂરી છે. વળી અધ્યાપક સહાયક થવા માટે તેઓએ સંશોધન કાર્યના જુદા જુદા સંશોધન પત્રો રજૂ કરવા પણ આવશ્યક છે. આ આમ અધ્યાપક સહાયક ને પોતે મેળવેલી ઉચ્ચ પદવીઓ અને પોતે કરેલા સંશોધનોને ધ્યાને લેતા મળતો પગાર ધોરણ ખૂબ જ નીચો છે. યુજીસી પ્રમાણે નવા અધ્યાપકો નોકરીમાં જોડાય તો હાલના પગાર ધોરણ મુજબ તેઓને ૭૫ હજારથી વધુ પગાર મળવાપાત્ર છે, હાલમાં અધ્યાપક સહાયકોની ઓછામાં ઓછો પગાર જો ફિક્સ આપવાનો હોય તો પણ ૭૦,૦૦૦ જેટલો નક્કી થવો જોઈએ. અગાઉ પણ જ્યારે જ્યારે અધ્યાપક સહાયકોનો પગાર વધારો થયો છે તેની ટકાવારી ગણવામાં આવે તો પણ આ પગાર ઓછામાં ઓછો ૬૫ થી ૭૦ હજાર વચ્ચે થવા જાય છે. આટલા બધા લાંબા સમય સુધી અધ્યાપક સહાયકનો પગાર વધારો ન થવો એ રાજ્ય સરકારની ઉચ્ચ શિક્ષણ પ્રત્યેની નિરસતા દર્શાવે છે.

પરિણામે (૧) અધ્યાપક સહાયકોનો પગાર ૪૦,૧૦૦ થી વધારે ૭૦,૦૦૦ કરવામાં આવે તથા (૨) અધ્યાપકોને ફાજલનું રક્ષણ અને તેમના અનુભવને પોતાની સળંગ નોકરીમાં અને પ્રમોશનમાં પૂર્ણ સમયના અધ્યાપક તરીકે જે ગણતરી કરવામાં આવે છે તે જ પ્રમાણે અધ્યાપક સહાયકના અનુભવની પણ ગણતરી કરવામાં આવે. તેવી અંતમાં પ્રમુખ ડો.નિદત બારોટ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ છે.

# ૯૦૦૦ હજારથી વધુ પશુઓને લમ્પી રોગની નિઃશુલ્ક રસી અપાઈ





**લમ્પી વાયરસ અંગે સારવાર કરાવવા અર્હમ યુવા ગ્રુપ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈનનો સંપર્ક કરવો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

ગૌ ધન, ભેંસમાં લમ્પી સ્કીનનો રોગ શરૂ થયો છે. સારવાર કરવાથી આ રોગને કાબૂમાં લઈ શકાય છે. આ રોગથી કોઈપણ વ્યકિતને ડરવાની જરૂરી નથી કારણ કે આ રોગ માત્ર પશુઓમાં જ જોવા મળે છે. લમ્પી સ્કીન ડીસીઝએ એક ગંભીર રોગ થઈ શકે (જો પુરતી સારવાર ન મળે તો) તે પ્રકારનો વાયરલ રોગ છે. જે ગાય અને ભેંસમાં વધુ જોવા મળે છે. આ રોગનો ફેલાવો ખાસ કરીને પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે જે પશુને આ રોગ થયો છે તે બીજા પશુઓના સંપર્કમાં આવવાથી ફેલાય છે ખાસ કરીને જંતુઓ અને મચ્છરથી વધુ ફેલાવો થાય છે.

આ રોગના મુખ્ય લક્ષણો ચામડીમાં ગાંઠ થવી, ઉચ્ચ તાવ આવવો, નબળાઈ આવવી, પશુઓનું ખાવા-પીવાનું છોડી દેવું, લાળ પડવી, ચામડી પર અલ્સર પડવા, આ રોગને નિયંત્રણમાં લાવવા માટે ઈન્ફેકશન થઈ ગયું તેવા પશુઓને અલગ કરવા અને તુરંત જ પશુ ડોકટરનો સંપર્ક કરીને સારવાર કરાવવી. રાજકોટમાં રસ્તે રઝડતા, નિરાધાર પશુઓમાં તેમજ ગૌ શાળા, પાંજરાપોળમાં આ પ્રકારના લક્ષણો જોવા મળે તો તુરંત જ અર્હમ યુવા સેવા ગ્રુપ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનિમલ હેલ્પલાઈન, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / મો. ૯૮૯૮૯૯૪૯૫૪) પર સંપર્ક કરવાથી રાજકોટમાં નિઃશુલ્ક તબીબી સારવાર મળશે. અથવા ગુજરાત સરકારની કરૂણા એમ્બ્યુલન્સના ટ્રોલ ફ્રી નં. ૧૯૬૨ પર સંપર્ક કરી શકાશે. અથવા નજીકના સરકારી પશુ દવાખાનાનો સંપર્ક કરીને આ પ્રકારના રોગની આપની આસપાસ રસ્તે-રઝડતા પશુઓની સારવાર કરાવવી.

કચ્છ જિલ્લામાં એનિમલ હેલ્પલાઈનની ટીમ દ્વારા કચ્છ જિલ્લા અને ગ્રામ્ય વિસ્તારમાં રસીકરણ તેમજ નિદાન કેમ્પ કરી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ગૌશાળાઓ-પાંજરાપોળોમાં જઈને ગાય અને ભેંસને લમ્પી રોગની નિઃશુલ્ક રસી મૂકવામાં આવે છે. અત્યાર સુધીમાં ૯૦૦૦ થી વધુ લમ્પી રોગની નિઃશુલ્ક રસી મુકાવવામાં આવી છે. અર્હમ યુવા સેવા ગ્રુપ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઇન, રાજકોટના આ ભગીરથ કાર્યમાં રાષ્ટ્ર સંત પરમ ગુરૂદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં સતત આશીર્વાદ મળી રહ્યા છે.

લમ્પી વાયરસ અંગે સારવાર કરાવવા અર્હમ યુવા સેવા ગ્રુપ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈન, રાજકોટ મો.૯૮૯૮૦ ૧૯૦૫૯/મો. ૯૮૯૮૯૯૪૯૫૪ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## પમી ઓગસ્ટ સુધી રેલ વ્યવહારને માઠી અસર

# ડબલ ટ્રેકના કામને કારણે વધુ ૧૨ ટ્રેનો રદ્

### અન્ય ૧૨ ટ્રેનો આંશિક રદ્, ૬ ટ્રેનો રીશેડયૂલ, એક રદ્ ટ્રેન પૂર્વવત દોડાવવા નિર્ણય

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર-રાજકોટ સેક્શનમાં આવેલા થાન સ્ટેશન પર ડબલ ટ્રેકના કામ હેઠળ ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગની કામગીરી માટે મેગા બ્લોક લેવામાં આવશે. જેના કારણે રેલ ટ્રાફિકને તાત્કાલિક અસરથી ૫ ઓગસ્ટ સુધી અસર થશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના જણાવ્યા અનુસાર, જે ટ્રેનોને અસર થશે તેની વિગતો મુજબ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૬-૭-૨૦૨૨ થી ૪-૮-૨૦૨૨ સુધી અને જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૭-૭-૨૦૨૨ થી ૫-૮-૨૦૨૨ સુધી રદ્ કરાઈ છે. ઓખા-જયપુર એક્સપ્રેસ ૧-૮-૨૦૨૨, જયપુર-ઓખા એક્સપ્રેસ ૨-૮-૨૦૨૨, હાપા-મડગાંવ એક્સપ્રેસ ૨૭-૭-૨૦૨૨, મડાગાવ-હાપા એક્સપ્રેસ ૨૯-૭-૨૦૨૨, હાપા-બિલાસપુર એક્સપ્રેસ ૩૦-૭-૨૦૨૨, બિલાસપુર-હાપા એક્સપ્રેસ ૧-૮-૨૦૨૨, ઇન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસ ૨૬-૭-૨૦૨૨, વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ ૨૭-૭-૨૦૨૨, મુંબઈ સેન્ટ્રલ - પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ૩૦-૭-૨૦૨૨ તથા પોરબંદર - મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ૩૧-૭-૨૦૨૨ ના રોજ રદ્ કરાઈ છે.

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોમાં ભાવનગર - ઓખા એકસપ્રેસ તાત્કાલિક અસરથી ભાવનગરથી સુરેન્દ્રનગર સુધી ૦૩.૦૮.૨૦૨૨ સુધી ચલાવવામાં આવશે. આમ, આ ટ્રેન સુરેન્દ્રનગર-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ઓખા - ભાવનગર એક્સપ્રેસ ૨૬-૭-૨૦૨૨ થી ૪-૮-૨૦૨૨ સુધી સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી ચલાવવામાં આવશે. આમ, આ ટ્રેન ઓખા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.હાપા દુરંતો એક્સપ્રેસ તાત્કાલિક અસરથી ૦૩.૦૮.૨૦૨૨ સુધી મુંબઈ સેન્ટ્રલથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન સુરેન્દ્રનગર-હાપા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. હાપા - મુંબઈ સેન્ટ્રલ દુરાન્તો એક્સપ્રેસ ૨૬-૭-૨૦૨૨ થી ૪-૮-૨૦૨૨ સુધી સુરેન્દ્રનગરથી મુંબઈ સેન્ટ્રલ સુધી ચલાવવામાં આવશે. આમ, આ ટ્રેન હાપા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. બાંદ્રા-જામનગર હમસફર એક્સપ્રેસ ૨૫-૭-૨૦૨૨, ૨૮-૭-૨૦૨૨, ૩૦-૭-૨૦૨૨ અને ૧-૮-૨૦૨૨ના રોજ બાંદ્રાથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન સુરેન્દ્રનગર-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જામનગર - બાંદ્રા હમસફર એક્સપ્રેસ ૨૬-૭-૨૦૨૨, ૨૯-૭-૨૦૨૨, ૩૧-૭-૨૦૨૨ અને ૨-૮-૨૦૨૨ ના રોજ સુરેન્દ્રનગરથી બાંદ્રા સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન જામનગર-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૯.૦૭.૨૦૨૨ ના રોજ જબલપુરથી ઉપડનારી ટ્રેન નંબર ૧૧૪૬૬ જબલપુર-સોમનાથ એક્સપ્રેસ અમદાવાદ-સોમનાથ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

સોમનાથથી ઉપડનારી ટ્રેન નંબર ૧૧૪૬૫ સોમનાથને બદલે અમદાવાદથી શરૂ થશે. આમ આ ટ્રેન સોમનાથ-અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ડાયવર્ટ કરેલા રૂટ પર દોડતી ટ્રેનોમાં ૩૦-૭-૨૦૨૨ ના રોજ ગાંધીધામથી ઉપડતી ગાંધીધામ-કામખ્યા એક્સપ્રેસને વાયા વિરમગામ, ધાંગધરા, માળીયા મિયાણા થઈને ડાયવર્ટ કરાયેલા રૂટ પર ચલાવવામાં આવશે. ૨૭-૭-૨૦૨૨ ના રોજ કામાખ્યાથી ઉપડતી કામાખ્યા-ગાંધીધામ એક્સપ્રેસને વાયા માળિયા મિયાણા, ધાંગધરા, વિરમગામ થઈને ડાયવર્ટ કરાયેલા રૂટ પર ચલાવવામાં આવશે. ૨૮-૭-૨૦૨૨ ના રોજ ગાંધીધામથી ઉપડતી ગાંધીધામ-બાંદ્રા એક્સપ્રેસને વાયા માળિયા મિયાણા, ધાંગધરા, વિરમગામ થઈને ડાયવર્ટ કરાયેલા રૂટ પર ચલાવવામાં આવશે. ૨૯-૭-૨૦૨૨ ના રોજ બાંદ્રાથી ઉપડતી બાંદ્રા-ગાંધીધામ એક્સપ્રેસને વાયા વિરમગામ, ધાંગધરા, માળીયા મિયાણા થઈને ડાયવર્ટ કરાયેલા રૂટ પર ચલાવવામાં આવશે.

રીશેડ્યુલ કરેલ ટ્રેનોમાં ઓખા-વારાણસી એક્સપ્રેસ ૪-૮-૨૦૨૨ ના રોજ ઓખાથી તેના નિર્ધારિત સમયથી ૩ કલાક ૩૦ મિનિટ મોડી ઉપડશે. ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ ૩૦-૭-૨૦૨૨ ના રોજ ઓખાથી તેના નિર્ધારિત સમયથી ૬ કલાક ૩૦ મિનિટન મોડી ઉપડશે. કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ ૨૯-૭-૨૦૨૨ ના રોજ કોઈમ્બતુરથી તેના નિર્ધારિત સમય કરતાં ૪ કલાક મોડી ઉપડશે. ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ ૩૦-૭-૨૦૨૨ ના રોજ ઓખાથી તેના નિર્ધારિત સમય કરતાં ૩ કલાક મોડી ઉપડશે. વેરાવળ-બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ ૩૦-૭-૨૦૨૨ ના રોજ વેરાવળથી તેના નિર્ધારિત સમય કરતાં ૨ કલાક ૪૫ મિનિટના મોડી ઉપડશે.

જયારે પુનઃસ્થાપિત ટ્રેનોમાં ૨૬મી જુલાઈ, ૨૦૨૨ની અમદાવાદ-સોમનાથ એક્સપ્રેસ અને સોમનાથ-અમદાવાદ એક્સપ્રેસ જે સુરેન્દ્રનગર-સોમનાથ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવી હતી, આ બંને ટ્રેનોને હવે પુનઃસ્થાપિત કરવામાં આવી છે. બંને ટ્રેનો હવે તેમના નિયમિત સમયપત્રક મુજબ ચલાવવામાં આવશે.

# રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળામાં ક્રિકેટ-કચવાટ



**જિલ્લા પંચાયત સંચાલિત શાળામાં વિદ્યાર્થીઓને ભણાવવાના બદલે ક્રિકેટમાં મશગુલ આચાર્યની વર્તણૂકથી વિવાદ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તે માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત એક સરકારી પ્રાથમિક શાળામાં તદ્દન વિપરીત પરિસ્થિતિ જોવા મળી છે.


રાજકોટ જિલ્લા પંચાયત સંચાલિત એક સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મીન રાશિ ધારક મુખ્યશિક્ષક શાળા સમય દરમિયાન ફરજના સમયે વિદ્યાર્થીઓને શિક્ષણના પાઠને બદલે ક્રિકેટના પાઠ ભણાવતા હોય તે પ્રકારના ફોટા પોતે જ સોશિયલ મીડિયામાં વહેતા કર્યા છે. ત્યારે સરકારી પ્રાથમિક શાળાના મુખ્યશિક્ષક જ ફરજ પ્રત્યેની નિષ્ઠા ચૂકે તો ફરિયાદ ક્યાં કરવી તે એક યક્ષ પ્રશ્ન છે. કોરોના કાળમાં ખૂબ જ લાંબો સમય સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ રહ્યું હતું માત્ર ઓનલાઈન અભ્યાસ શરૂ રહ્યો હતો. આ કપરા કાળમાં વિદ્યાર્થીઓમાં થયેલ લર્નિંગ લોસને દૂર કરવા માટે શિક્ષણ વિભાગ ખૂબ જ ચિંતિત છે પરંતુ પાંચ આંકડામાં પગાર મેળવતા એક મુખ્યશિક્ષક જ સત્તાના મદમાં ભાન ભૂલ્યા હોય તેવું લાગી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષણ વિભાગના ઠરાવથી મુખ્ય શિક્ષકને શૈક્ષણિક કર્મચારી જાહેર કરેલ હોય, શાળામાં તમામ શિક્ષકોની માફક તેઓએ ફરજિયાત શિક્ષણ કાર્ય કરાવવું તેવું ઠરાવેલ હોવા છતાં મુખ્ય શિક્ષકો શિક્ષણ કાર્ય કરવાને બદલે માત્ર ઓફિસમાં બેસી રહે છે, ત્યારે આગામી સમયમાં તંત્ર શું કાર્યવાહી કરશે તે જોવું રહ્યું. તેવું ચર્ચાઈ રહ્યું છે.

# કારગીલ હીરો કોબ્રા કમાન્ડો દીગેન્દ્રકુમાર સુરતના મહેમાન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

સુરત, તા.૨૬



કારગીલ યુધ્ધમાં વિરતા પૂર્વક દુશ્મન દેશના સૈનિકોનો ખાતમો બોલાવી તેતાલીક હીલ ઉપર તિરંગો લહેરાવનાર મૂળ રાજસ્થાનના જવાન દીગેન્દ્રકુમાર યાદવ આજે સુરતના મહેમાન છે. કારગીલ જંગમાં બહાદુરી દાખવનાર દીગેન્દ્રકુમારને સેનાના સર્વોચ્ચ દ્વિતીય પુરસ્કાર મહાવીર ચક્રથી સન્માનિત થયેલ છે. છાતી અને શરીરમાં ૭ ગોળીઓ ઝીલીને પણ ભારતને નિર્ણાયક જીત અપાવનાર કમાન્ડો દીગેન્દ્રકુમાર કારગીલ યુધ્ધનો હિરો છે. સમર્પણ ગૌરવ સમારોહના ખાસ અતિથી દીગેન્દ્રકુમાર આજે સુરતમાં છે.

# કોટડાસાંગાણીના અરડોઇ ગામે ૧૮ બોટલ દારૂ સાથે એક પકડાયો



કોટડાસાંગાણી તા. ૨૬ : કોટડાસાંગાણીના અરડોઇ ગામની સીમમાં વિદેશી દારૂ વેચતા મજુરને પોલીસે ઝડપી લીધો હતો. કોટડાસાંગાણીના અરડોઇ ગામની સીમમાં બાબુભાઇ વિઠ્ઠલભાઇ મણવરની વાડીમાંથી પ્રભુ કનૈયાભાઇ વસુનિયા ભારતીય બનાવટ પરપ્રાંતિય અંગ્રેજી દારૂ બોટલ નંગ ૧૮ કિં.રૂા. ૫૪૦૦ સાથે વેચાણ કરવાના ઇરાદે રાખી મળી આવતા ગુન્હો નોંધવામાં આવ્યો હતો. કોટડાસાંગાણી પોલીસના અમિતભાઇ સુરૂ, કાળુભાઇ ધાંધલ, હિતુભા, અશોકભાઇ ડાંગરએ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# કેજરીવાલે સોમનાથ મહાદેવને શીશ ઝકાવી ધ્વજારોહણ સાથે પ્રાર્થના કરી







**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**ગીર સોમનાથ; આમ આદમી પાર્ટીના નેતા એવા દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ સોમવારની રાત્રીના સોમનાથ પહોંચી રોકાણ કર્યુ હતુ. બાદ આજે સવારે રાજ્યના આપ પાર્ટીના નેતાઓ સાથે કેજરીવાલ સોમનાથ મંદિરે પહોંચી મહાદેવની પૂજા-અર્ચના સાથે ધ્વજાપુજા કરી દેશ અને દેશવાસીઓની સુખ શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આ તકે આપના ગોપાલ ઈટાલીયા, ઇસુદાન ગઢવી, પ્રવીણ રામ, જગમાલભાઈ વાળા સહિતના અગ્રણીઓ સાથે રહ્યાં હતા. અહીંથી કેજરીવાલ તેમના કાફલા સાથે રાજકોટ જવા રવાના થયા હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## કથિત લઠ્ઠાકાંડઃ ૨૮ના મોત, ૨ ગંભીર

અસારવા સિવિલ પહોંચી દર્દીઓની મુલાકાત લીધી હતી અને તમામ હકીકતો જાણી હતી. કોંગ્રેસે જણાવ્યું છે કે, નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા છે. કોઈએ દીકરો તો કોઈએ પતિ ગુમાવી દીધા છે. દરમ્યાન લઠ્ઠાકાંડ માટે કારણભૂત અને અનેકનાં જાન લેનાર દેશીદારૂનાં જથ્થાની એફએસએલમાં ચકાસણી કરવામાં આવ્યા બાદ એવો ચોંકાવનારો રીપોર્ટ આવ્યો છે કે, દારૂના જથ્થામાં મિથેનોલ કેમિકલની માત્રા ૯૮.૭૧ ટકા જેટલી જોવા મળી છે. દરમ્યાન આઈપીએસ અધિકારી સુભાષ ત્રિવેદીની આગેવાનીમાં રચાયેલી કમિટીએ તપાસ શરૂ કરી દીધી છે.(૨.૧૨)

## ઉતર ગુજરાતમાં સીઝનમાં પહેલીવાર અપાર મેઘકૃપા

સવા ઇંચ, બનાસકાંઠાના દાંતામાં ત્રણ ઇંચ, ધાનેરામાં બે ઇંચ, થરાદ, વડગામ, વાવ, ડીસા અને દાંતીવાડામાં દોઢ- દોઢ ઇંચ પાણી પડ્યાનું નોંધાયું છે. સાબરકાંઠાના ઇડરમાં ત્રણ ઇંચ, અરવલ્લીના ધનસુરામાં સાડા ત્રણ, બાયડ અને ભિલોડામાં ત્રણ-ત્રણ ઇંચ, માલપુરમાં બે ઇંચ, ગાંધીનગરના દેહગામ અને માણસામાં ત્રણ- ત્રણ ઇંચ જેવો ધોધમાર વરસાદ પડ્યો હતો. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં આજે સરેરાશ બે- બે ઇંચ વરસાદ થયો છે.(૨.૧૨)

## ગુજરાતમાં વરસાદની આગાહી વચ્ચે ૩૫ ડેમ ઓવરફ્લો, ૨૦૭ ડેમમાં ૬૦ ટકા પાણી

ઈંચ, દક્ષિણ ગુજરાતમાં ૪૭ ઈંચ, સૌરાષ્ટ્રમાં ૧૭ ઈંચ વરસાદ થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ ૨૨ ઈંચ વરસાદ થયો છે. ગુજરાતના ૨૮ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ, ૭૪ તાલુકામાં ૧૯.૭૨ થી ૩૯.૯૬, ૧૦૭ તાલુકામાં ૯.૮૮ થી ૧૯.૬૮, ૩૯ તાલુકામાં ૪.૯૬થી ૯.૮૪ ઈંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્યમાંથી હાલ માત્ર ૩ તાલુકા એવા છે જ્યાં ૨ થી ૪.૯૨ ઈંચ વચ્ચે છે.ઈંચ પ્રમાણે વલસાડમાં સૌથી વધુ ૮૩ ઈંચ વરસાદ નોંધાયો છે. બીજી તરફ દાહોદ જિલ્લામાં ૮ ઈંચ સાથે વરસાદનું પ્રમાણ માત્ર ૨૯ ટકા છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

# આણંદની અદીત પ્રા.લી. કંપનીનો રાજ્યભરમાં નકલી ખાતરનો વેપલો

## ખાતરની બેગમાં લખવામાં આવ્યું કે નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાસ, કેલ્શિયમ, સલ્ફર યુક્ત પોડકટ પરંતુ અંદર રેતીનું મિશ્રણ હોવાનો આક્ષેપ






**૫૦ કિલો ખાતરની બેગમાં ૨૦ કિલો રેતી હોવાનો ખેડૂતોનો આક્ષેપ**

**ખેડૂતોને ચેતવણીરૂપ કિસ્સોઃ કૃષિને લગતી દુકાનોમાં ખાતરનું વેચાણ જ નહીં રાજ્યના અનેક જિલ્લાઓમાં એજન્ટોની નિમણુંક કરીને ખેડૂતોને રેતીવાળું ખાતર ધાબડી દેવાતું હોવાની ચર્ચા**

**સમગ્ર મામલાની જાણ આગામી સમયમાં કૃષિમંત્રીને કરવામાં આવે તેવી શક્યતા**

ખાતરમાં રેતીનું મિશ્રણ કરીને ખેડૂતોને ધાબડી દેવાનો ગોરખધંધો રાજ્યના અનેક જિલ્લાઓમાં ચાલી રહ્યો છે અને અનેક ખેડૂતો તેનો ભોગ બની ગયા છે અથવા જો આ સિલસિલો અટકશે નહીં તો હજુ અનેક ખેડૂતો ભોગ બનતા રહેશે તે વાત ચોક્કસ પણે કહીં શકાય માટે આગામી દિવસોમાં કૃષિમંત્રીને રજુઆત કરવામાં આવશે. આગામી સમયમાં ઓર્ગોનિક ખાતરના નામે રેતીવાળું ખાતર વહેંચનારને પાઠ ભણાવવામાં આવશે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૫

હાલમાં ખેડૂત સાથે પણ છેતરપિંડીના બનાવોમાં દિવસેને દિવસે વધારો થતો જોવા મળી રહ્યો છે. ખેડૂતને ખોટું બિયારણ રાસયણીક ખાતર, દવાઓ ધાબડી દેતા દુકાનદારો કે એજન્ટો જરા પણ અચકાતા નથી કારણકે ખેડૂત અભણ છે તેને એજન્ટો દ્વારા ખોટી વાતો કરીને છેતરવામાં આવતા હોય છે. તંત્ર દ્વારા અનેક વખત આવા આરોપીને પકડીને પાઠ ભણાવવામાં આવતો હોય છે. તેવો જ તાજેતરમાં ફરી એક કિસ્સો આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. રાજકોટ જિલ્લાના વિછીંયા તાલુકાનું એક ગામમાં એક ખાનગી કંપનીના એજન્ટો દ્વારા અનેક ખેડૂતોને ખાતરની જાહેરાતો કરવામાં આવી છે અને ખેડૂતોને બીજા ખાતરો કરતા સસ્તુ છે ને સારૂ છે જેવા તેમજ ઓર્ગોનિક ખાતર છે તેવા ખોટા સપનાઓ બતાવીને ખાતરના ઓર્ડરો લીધા હતા. ઓર્ડર ગત ત્રીજા મહિનામાં લેવાયા હતા અને ચોથા મહિનામાં ખાતરની ડિલવરી આપવામાં આવી હતી. એક જાગૃત ખેડૂત જયારે પોતાના ૨૦ વિઘાના કપાસમાં ખાતર નાખતા હતા ત્યારે તેને ખાતરમાં કોઇ શંકા ગઇ અને તેને ખાતરને નિરખીને જોતા ખાતરને બદલે રેતી જોવા મળી હતી તેને એક એજન્ટ દ્વારા આર્ગોનિક ખાતર છે કહી નકલી રેતીવાળું ખાતર ધાબડી દીધું હતું. સમગ્ર ખાતરની ૫૦ કિલોની બોરીમાં ૨૦ કિલો રેતી હોવાનો અંદાજ છે. સમગ્ર મામલે તપાસ કરતા હજુ અનેક ખેડૂતો ભોગ બન્યાનું પણ ચર્ચાઇ રહ્યું છે. અને આગામી સમયમાં ખાતર બનાવતી આણંદની અદીત પ્રા.લી. કંપની સામે કાનુની લડત મંડાઇ તેવી શકયતાઓ વસાઇ રહી છે. આગામી સમયમાં તંત્ર દ્વારા ખેડુતોની વેદનાને સમજીને શું કાર્યવાહી કરવામાં આવે તે જોવાનું રહ્યું.



ખેડૂતોને છેતરવાના પ્રયત્નો એજન્ટો દ્વારા કરવામાં આવે છે ત્યારે આણંદની અદીત પ્રા.લી. કંપનીનો રાજ્યયભરમાં નકલી ખાતરનો વેપાલો ચાલી રહ્યો હોવાની વાતો ચર્ચાઇ રહી છે. કંપનીએ રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં પોતાના કમિશન એજન્ટો નિમવામાં આવ્યા છે. જે એજન્ટો દ્વારા ખેડૂતને વાતમાં લઇને ખાતરો ઓર્ડર લેવામાં આવે છે અને બાદમાં આણંદ સ્થિત કંપની દ્વારા ખાતર મોકલીને ખેડૂત પાસેથી પૌસા ખંખેરવામાં આવે છે. આગા તત્વો સામે લગામ જરૂરી છે નહીંતર આગામી દિવસોમાં કેટલા ખેડૂત ભોગ બનશે તે કહી ન શકાય..

---

### ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ દ્વારા નાગરિકોને અપીલ

# ચાલો અંગદાન પ્રવૃતિમાં જોડાઈએઃ ડો.ભરત બોઘરા



**અંગદાન થાય તો વધુને વધુ લોકોની જીંદગી બચી શકે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ અને આટકોટમાં તાજેતરમાં જ નિર્માણ પામેલ કે.ડી. પરવાડીયા હોસ્પિટલના સ્વપ્નદ્રષ્ટા અને પર્યાવરણ પ્રેમી, માનવતાવાદી, સેવાભાવી ડો. ભરતભાઈ બોઘરાએ અંગદાન પ્રવૃતિઓમાં જોડાવવા સૌને હાંકલ કરી હતી.

તેમણે જણાવ્યું છે કે, મગજ મૃત વ્યક્તિનાં હૃદય, ફેફસાં, કિડની, લીવર, પેન્ક્રીયાસ, નાનું આતરડું જેવા અંગો, આ જ અંગોના સંપૂર્ણ નિષ્ફળ જવાથી જે દર્દીઓ મરણમુખ છે તેવાં દર્દીઓના શરીરમાં રોપવા માટે અંગોનું દાન થઈ શકે છે.

આધુનિક તબીબી વિજ્ઞાને માનવજાત માટે કરેલી આ અદભૂત અનુકૂળતા છે. સામે આવીને ઉભેલા મૃત્યુને મ્હાત કરવાનો આ કિમીયો છે. એ માટે સૌથી આવશ્યકતા છે મગજમૃત (બ્રેઇન ડેડ) વ્યકિતનાં અંગોનું દાન. કિડની, લીવર, હૃદય, પેન્ક્રીયાસ, ફેફસાંએ બધા અંગો માનવીને કુદરતે આપેલી અદ્ભૂત ભેટ છે.

સેંકડો વ્યકિતઓના અંગો આખરે અંતિમ ક્રિયા થતાં નાશ પામે છે. જે ખરેખર ઘણા લોકોને જીંદગી આપી શકે તેમ હોય છે.

આ સમજ સમગ્ર સમાજમાં જેટલી વધુ ફેલાવી શકાય, તેટલાં વધુ અંગદાન થાય તો વધુ ને વધુ લોકોની જીંદગી બચી શકે, નવપલીત થઇ શકે દેશમાંસેવાભાવી સંસ્થાઓ આ લોકજાગૃતિની પ્રવૃતિ હાથ ધરે તો જેમ રકતદાનમાં ગુજરાતનો આખા દેશમાં ડંકો વાગે છે તેમ થઇ શકે. હજારો દર્દીઓ જે મરણોન્મુખ છે, એમને નવી જીંદગી મળી શકે.

---

# મારૂતિ કુરિયર દ્વારા 'ઓનલાઈન રાખડી' સુવિધા

**વેબસાઈટ પરની મનપસંદ રાખડી સાથે ચોકલેટનું બોક્સ પણ ભાઈને મોકલવાની બહેનો માટે ઓનલાઈન તક**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રક્ષાબંધનના તહેવારને વધુ ખાસ બનાવવા માટે ભારતની અગ્રણી કુરિયર અને લોજિસ્ટિક્સ કંપનીઓમાં સ્થાન ધરાવતી શ્રી મારૂતિ કુરિયર સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડે ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અનોખી ઓનલાઈન તથા ઓફલાઈન રાખડી બુકિંગ અને ડિલિવરી સર્વિસ લોન્ચ કરી છે. કંપનીએ જે-તે રાજ્યની અંદર જ રાખડી મોકલવા માટે રૂ. ૫૦નો અને રાજ્ય બહાર રાખડી મોકલવા માટે રૂ. ૧૦૦નો ફ્લેટ ડિસ્કાઉન્ટેડ ચાર્જ લેવાની જાહેરાત કરી છે. આ રીતે કંપનીએ રાખડી મોકલવા માટેના પ્રિન્ટેડ રિટેલ ભાવ પર ૩૦ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે.

રાખડીના પરંપરાગત બુકિંગની સાથે કંપની રાખડી અને ચોકલેટ બોક્સના ઓનલાઈન બુકિંગની સર્વિસ પણ ઓફર કરી રહી છે અને આ તહેવારે ગ્રાહકો માટે ઝડપી અને અસરકારક ડિલિવરી સર્વિસ પણ સુનિશ્ચિત કરી છે. ગ્રાહકો કંપનીની વેબસાઈટ www.shreemaruti.com પર રાખડીનું ઓનલાઈન બુકિંગ કરાવી શકશે અને તેમની પોતાની રાખડી માટે પિક-અપ અને ડિલિવરીની સર્વિસ પણ મેળવી શકશે.

મેનેજિંગ ડિરેક્ટર અજય મોકરિયાએ જણાવ્યું હતું કે, ઓનલાઈન રાખડી બુકિંગ માટે ગ્રાહકે કંપનીની વેબસાઈટ પર જઈને ખૂબ જ કિફાયતી દરે વિવિધ રેન્જની રાખડી અને ચોકલેટ બોક્સનું બુકિંગ કરી શકે છે. આ રાખડી ખાસ ડિઝાઈન કરેલા કવરમાં પેક કરવામાં આવશે. આ તહેવારને ખાસ બનાવવા માંગતા ગ્રાહકો માટે શ્રી મારૂતિએ રાખડી અને ચોકલેટ બોક્સનું ખાસ રાખી ગિફ્ટ બોક્સ તૈયાર કર્યું છે. આ ઓનલાઈન રાખડી ડિલિવરી સર્વિસ ભારતના ૩,૭૬૪ લોકેશન્સ પર ઉપલબ્ધ રહેશે.

જે બહેનો પરંપરાગત રીતે તેમની પોતાની રાખડી મોકલવા માંગતી હોય તેઓ શ્રી મારૂતિના નજીકના લોકેશનથી ખાસ ઓનલાઈન બુકિંગ અને પિક-અપ સર્વિસનો લાભ લઈ શકે છે. એક વખત ઓનલાઈન બુકિંગ થઈ જાય પછી પિક-અપથી માંડીને ડિલિવરી સુધીની તમામ પ્રક્રિયા ઓનલાઈન અને ઝડપી કરવામાં આવશે. ગ્રાહકના ઘર કે ઓફિસથી રાખડી કે પાર્સલ પિક-અપ માટે કંપની નજીવો ચાર્જ લેશે. તેમ જણાવ્યું છે.

---

# રાજકોટ રેલવે ડિવિઝનના ૧૦ કર્મચારીઓનું સન્માન

### રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ મેડલ અને પ્રમાણપત્ર એનાયત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) અનિલ કુમાર જૈન દ્વારા ૧૦ કર્મચારીઓને રેલવે સુરક્ષામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફે જણાવ્યું હતું કે, આ કર્મચારીઓને એપ્રિલ અને મે મહિનામાં રેલવે સેફ્ટીમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં દીપક કુમાર પાંડે (સ્ટેશન માસ્તર, વાંકાનેર), નિસર્ગ પરમાર (સ્ટેશન માસ્તર, લખતર), જિતેન્દ્ર જાટ (સ્ટેશન માસ્તર, લખતર), અશોક કુમાર (ગેટમેન) સુધીર કુમાર (સ્ટેશન માસ્તર, વન રોડ), મુકેન્દ્ર પી. રામાવત (પોઇન્ટ્સમેન નવલખી), મછિન્દ્ર એસ આમલે (ગેટ મેન) રજનીશ મીના (સ્ટેશન માસ્ટર, લાખાબાવળ), ચંદુલાલ ( ગેટમેન) અને મુકેશ રાવત (લોકો પાયલટ ગુડ્સ ટ્રેન-હાપા)એ સાવચેતી અને સતર્કતાથી કામ કરીને સંભવિત રેલ દુર્ઘટનાને અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર એન.આર. મીના, વરિષ્ઠ મંડળ ઈજનેર (સંકલન) રાજકુમાર એસ, વરિષ્ઠ મંડળ ઓપરેટિંગ મેનેજર આર.સી. મીણા અને વરિષ્ઠ મંડળ મિકેનિકલ ઈજનેર સંતોષકુમાર મિશ્રા ઉપસ્થિત રહ્યા હતા.

---

# ભારત તિબ્બત સંઘ દ્વારા વિચાર ગોષ્ઠી યોજાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજેશ જે. ભાતેલીયા-સહસંયોજક-મિડીયા-આઈ.ટી. (ગુજરાત પ્રાંત), ભારત-તિબ્બત સંઘની યાદી મુજબ રાજકોટ મહાનગરના અધ્યક્ષ યોગીન છનિયારા અને મહિલા વિભાગના અધ્યક્ષ દિવ્યાબેન ભટ્ટ તથા જીલ્લા મહિલા અધ્યક્ષ ડો . રીનાબેન દવે વગેરેની ઉપસ્થિતિમાં પ્રદેશ મહામંત્રી હિરેનભાઈ શાહની ઉપસ્થિતિમાં વિચાર ગોષ્ઠીનો કાર્યક્રમ તે બની સંસ્કારધામ બી.એડ. કોલેજ ખાતે યોજાઈ ગયો.

આ પ્રસંગે મુખ્ય શાખા , યુવા શાખા તથા મહિલા શાખામાં નવા જોડાનાર હોદેદારોની ઘોષણા કરવામાં આવી હતી. આ તકે ભારત-તિબ્બત સંઘની વિશેષ મુલાકાત કણસાગરા કોલેજમાં ડો. સંજય કામદારે લીધી હતી અને તેમણે ભારત- તિબ્બત સંઘના કાર્યને બિરદાવેલ. આ બેઠકમાં પ્રદેશ મહિલા વિભાગ અધ્યક્ષ ડો. મૃણાલીનીબેન ઠાકર, ડો. અર્જુનભાઈ દવે, ડો.નિખીલભાઈ ભટ્ટ, લતાબેન ચૌહાણ, વગેરે હોદેદારો તથા યુવા વિભાગ તથા શહેર અને જિલ્લાના મહિલા વિભાગના બહેનો તથા રાજકોટ શહેર વિભાગના હોદેદારો, કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભારત-તિબ્બેટ સંઘ દ્વારા સંસ્કારધામ બી.એડ. કોલેજના સંચાલકોનો તથા તેમના કેમ્પસ ડાયરેકટરનો આભાર માનવામાં આવ્યો હતો. તેમ રાજેશ જે. ભાતેલીયા સહસંયોજક-મિડીયા-આઈ.ટી. (ગુજરાત પ્રાંત), ભારત-તિબ્બત સંઘની યાદીમાં જણાવાયું છે.

---

# એસટી બસની બે સીટો ગુમ હોવાથી મુસાફરોને ફરજીયાત ઉભું રહેવું પડે છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬



**વાંકાનેર ડેપોના અધિકારીને ફરિયાદ કરતા ગજુભા ઝાલા**

લોકસંસદ વિચારમંચના ગજેન્દ્રસિંહ ઝાલા (પ્રવકતા શહેર કોંગ્રેસ સમિતિ) ની યાદી જણાવે છે કે વાંકાનેર ડેપોની માટેલ જૂનાગઢ બસ નંબર GJ-18 1189 બસમાં લાંબા સમયથી સીટ નંબર ૪૧, ૪૨ ગુમ હોવાથી બસમાં આ બે સીટો ન હોવાને કારણે મુસાફરોને ફરજીયાત ઊભું રહેવું પડે છે. આમ પણ આ બસમાં ભીડ રહે છે. ગજેન્દ્રસિંહ ઝાલા ખેરવાથી ચડતા તેઓના ધ્યાન પર આવતા કંડકટર પાસે ફરિયાદ બુક ન હોવાને પગલે બસમાંથી જ મોબાઈલ દ્વારા વાંકાનેર ડેપોના જવાબદાર અધિકારીઓને આ બાબતે બંને સીટો તાત્કાલિક ફીટ કરવા અપીલ કરી હતી. ગુમ થયેલી બંને સીટો તાત્કાલિક અસરથી મુસાફરોની સગવડતા માટે ફીટ કરવા ફરિયાદ કરી હતી.

વધુમાં કંડકટર પાસે ફરિયાદ બુક માગતા ફરિયાદ બુક હતી નહીં અને ઓનલાઈન ફરિયાદ કરવા જણાવ્યું. ઓનલાઇન ફરિયાદ અંગેની ખુદ કંડકટરને પણ કોઈ જાતની જાણકારી હતી નહીં. આ બસનો શેડ્યુલ એ પ્રકારનો હોવાથી સવારે બસમાં પણ સતત ભીડ રહેતી હોય ત્યારે વાંકાનેર ડેપોના જવાબદાર અધિકારીઓની મેઇન્ટેનન્સમાં ઘોર બેદરકારી છતિ થઈ હતી. ખૂદ ડેપો મેનેજર પણ આ બસમાં અપડાઉન કરતા હોવાનું જાણવા મળેલ હોય છતાં બે સીટો લાંબા સમયથી ગુમ હોય તે અંગે દરકાર લેવાય ન હતી જે બાબત પણ આશ્ચર્ય થાય તેવી છે.

---

### પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ

# વિવિધ કેટેગરીના આવાસોનો નંબર ફાળવણી ડ્રો યોજાશે

**શેરી ફેરિયાઓ અને તેમના પરિવારજનો માટે 'સ્વનિધિ મહોત્સવ' નું આયોજન**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

સ્ટે.કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, બાંધકામ કમિટી ચેરમેન કેતનભાઈ પટેલ, હાઉસિંગ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા, શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાંટ સમિતિ ચેરમેન જ્યોત્સનાબેન ટીલાળા એક યાદીમાં જણાવે છે કે, ભારત સરકાર દ્વારા ઉજવવામાં આવી રહેલ આઝાદી કા અમૃત મહોત્સવ અનુસંધાને શેરી ફેરિયાઓ અને તેમના પરિવારજનો માટે સ્વનિધિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૭ ને બુધવારના રોજ સાંજે ૪:૩૦ કલાકે, શ્રી અટલ બિહારી વાજપેયી ઓડીટોરીયમ, પેડક રોડ ખાતે સ્વનિધિ મહોત્સવ તથા પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ વિવિધ કેટેગરીના આવાસોનો નંબર ફાળવણી ડ્રોનો કાર્યક્રમ મેયર ડો.પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને યોજાશે.

આ અવસરે સાંસદ મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ ઉદયભાઈ કાનગડ, ડેપ્યુટી મેયર ડો. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહામંત્રી જીતુભાઈ કોઠારી, કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર તેમજ શાસકપક્ષ નેતા વિનુભાઈ ઘવા, વિરોધ પક્ષ નેતા ભાનુબેન સોરાણી, શાસકપક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા વગેરે ઉપસ્થિત રહેશે.

આ મહોત્સવમાં ફેરિયા અને તેમના પરિવારજનો માટે લોન મેળો, સ્વનિધિ સે સમૃધ્ધિ તક હેઠળ સોશિયલ સિકયુરીટીની વિવિધ યોજનાઓનો લાભ પ્રદાન કરવા માટે વિવિધ વિભાગો દ્વારા મેળાનું આયોજન, ફૂડ ફેસ્ટીવલ અંતર્ગત શેરી ફેરિયાઓના સ્ટોલ ઉપરાંત સ્વસહાય જૂથના બહેનો દ્વારા તૈયાર કરાયેલ ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેંચાણ, સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમ, પી.એમ.સ્વનિધિ યોજના આધારિત નાટક તથા કાર્યક્રમ પૂર્વેના દિવસોમાં ફેરિયાઓના બાળકો માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, બહેનો માટે ગ્રીન સલાડ સુશોભન સ્પર્ધા, પૌષ્ટિક વાનગી હરીફાઈ, હોકર્સ ઝોનમાં સ્વચ્છતા ઝુંબેશ અને સુશોભન, બેંકો દ્વારા ડિજિટલ ટ્રાન્ઝેકશનની તાલિમ અને ક્યુઆર કોડનું વિતરણ, પ્રિ-પ્રોગ્રામ ઇવેન્ટ આયોજનના ભાગરૂપે હેલ્થ ચેકઅપ કેમ્પ અને વેક્સિનેશન કેમ્પ વગેરે કાર્યક્રમોનું આયોજન છે.

---

# બરોડા BNP પરિબાની ઈકિવટી સ્કીમ લોન્ચ

### નવી ફ્લેકસી કેપ ફંડ સ્કીમથી રોકાણ કરવાની તકમાં વધારો કરવાનો લક્ષ્યાંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

બરોડા બીએનપી પરિબા મ્યુચ્યુઅલ ફંડે બરોડા બીએનપી પરિબા ફ્લેક્સી કેપ ફંડ પ્રસ્તુત કરવાની જાહેરાત કરી છે, જે એક ડાયનેમિક ઇક્વિટી સ્કીમ છે. જેમાં સમગ્ર માર્કેટ કેપમાં રોકાણ કરવાની સુગમતા છે. ફંડ તમામ ક્ષેત્રો અને માર્કેટ કેપિટલાઇઝેશનમાં રોકાણની તકોને ઓળખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને મુખ્યત્વે ઇક્વિટી અને ઇક્વિટી સંબંધિત સિક્યોરિટીઝમાં રોકાણ કરીને લાંબા ગાળાની સંપત્તિ નિર્માણ કરવાનો હેતુ ધરાવે છે.

એનએફઓ ૨૫મી જુલાઈથી ૫મી ઓગસ્ટ ૨૦૨૨ સુધી સબસ્ક્રિપ્શન માટે ઉપલબ્ધ છે. ફંડનું સંચાલન ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર-ઈક્વિટી, સંજય ચાવલા દ્વારા કરવામાં આવશે.

બરોડા બીએનપી પરિબા એસેટ મેનેજમેન્ટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ સુરેશ સોનીએ જણાવ્યું હતું કે, ફ્લેક્સી કેપ ફંડ્સ સમગ્ર માર્કેટ કેપ્સ અને સેક્ટર્સમાં એક્સપોઝર લઈ શકે છે અને તે રીતે ફંડ મેનેજરોને પ્રવર્તમાન બજારની સ્થિતિ, મૂલ્યાંકન અને ભાવિ વૃદ્ધિની સંભાવનાઓના આધારે પોર્ટફોલિયોને ઓપ્ટિમાઇઝ કરવાની મંજૂરી આપે છે. આનાથી ફ્લેક્સી કેપ ફંડ્સ એક ઓલ-ઇન-વન ઇક્વિટી સોલ્યુશન બનાવે છે, જે બજારની તમામ પરિસ્થિતિઓ અને વિવિધ પ્રકારના રોકાણકારો માટે યોગ્ય છે.

આ યોજના રોકાણ માટે ત્રણ પાયાનો અભિગમ અપનાવશે. પસંદગીના ક્ષેત્રો માટે ટોપ-ડાઉન અભિગમ, માર્કેટ કેપ્સ પસંદ કરવા માટે હોરિઝોન્ટલ અભિગમ અને સ્ટોક પસંદ કરવા માટે બોટમ-અપ અભિગમ માર્કેટ કેપ્સ અને ક્ષેત્રોમાં તકો શોધવાની સુગમતા આ યોજનાને તેમની વૃદ્ધિની સંભવિતતાનો લાભ ઉઠાવવામાં તેમજ વૈવિધ્યકરણ દ્વારા જોખમોનું સંચાલન કરવામાં મદદ કરી શકે છે. તેમ જણાવ્યું છે.

---

# બાબરાના જામબરવાળા, દરેડ, શિરવાણિયા ગામે પશુઓમાં લમ્પી વાયરસ દેખાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી, તા.૨૬



**તબીબોની વધુ ટુકડીઓ ફાળવવા માંગ; દરેડ પૂર્વ સરપંચે ઉચ્ચકક્ષાએ કરી રજૂઆત**

તાલુકાના દરેડ ગામના પૂર્વ સરપંચ અને ખેડૂત વનરાજભાઈ વાળાએ જણાવ્યું હતું કે દરેડ જામબરવાળા અને શિરવાણીયા ગામમાં લમ્પી વાયરસના ભોગ પશુઓ બની રહ્યા છે બે બળદ સહિત ગામની ગાયોમાં પણ લમ્પી વાયરસ જોવા મળી રહ્યો છે પણ સ્થાનિક કોઈ પશુ ચિકિત્સક દ્વારા હજુ સારવાર કરવામાં આવી નથી ત્યારે તાલુકામાં પશુપાલકો અને માલધારીઓમાં ચિંતાની લાગણી પ્રસરી છે કારણે આ રોગના કારણે કિંમતી પશુઓ મોત ભેટી રહ્યા છે જેથી ખેડૂત તેમજ માલધારીને મોટું આર્થિક નુકસાનકાન સહન કરવાનો વારો આવે છે તેમજ પશુપાલનના વ્યવસાય પર પણ મોટી અસર થઈ રહી છે. ત્યારે તાલુકામાં ખેડૂતો અને માલધારીઓના પશુઓ લમ્પી વાયરસના ભોગથી સુરક્ષિત રહે તેમજ આ રોગ વિશે પૂરતી જાગૃતિ આવે તે માટે યોગ્ય માર્ગદર્શન માટે તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં પશુ ચિકિત્સકની વધુ ટુકડીઓની ફાળવણી કરવામાં આવે તેમજ દરેક પશુઓને ઝડપી વેકિસનેશન આપવામાં આવે તેવી માંગ કરેલ છે.

CMYK

# રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલ પરિવાર 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની શુભેચ્છા મુલાકાતે...





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ:આજરોજ રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલના તમામ સભ્યો સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા,બે વર્ષના કોરોનાકાળ બાદ પ્રથમવાર મીડિયાના તંત્રીશ્રી અને એડવર્ટાઈઝીંગ એજન્સીના મિત્રો મળ્યા હતા. તાજેતરમાં એડવર્ટાઈઝીંગ સર્કલની મળેલી મિટિંગમાં સમયની માંગ મુજબ ડીજીટલ અને સોશિયલ મીડિયા ક્ષેત્રે આગળ વધવા બધાએ એકબીજા પ્રત્યે સહકારની ભાવના દાખવવા સર્વાનુમતે ઠરાવ થયો હતો. પ્રિન્ટ મીડીયાની સાથે હોર્ડીંગ અને ડીજીટલ મીડિયા, રેડીયો એડ, સિનેમા એડ,બ્રાન્ડીંગ એડ, વગેરે મિત્રો પણ એડવર્ટાઈઝીંગ સર્કલ સાથે જોડાયેલા હોય બધા એકમેકના સહકાર ભાવનાથી આ વ્યવસાયમાં આગળ ધપી રહ્યાનું જણાવેલ. આ પ્રસંગે રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલ દ્વારા સ્મૃતિ ચિન્હ રૂપે બે મોબાઈલ સ્ટેન્ડ અર્પણ કરવામાં આવ્યાં હતાં. રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલના મિત્રો ગીરીશભાઈ ત્રિવેદી (દ્રષ્ટિ એડવર્ટાઈઝીંગ), નિલેશભાઈ ત્રિવેદી (મનીષ એડસ),મેહુલભાઈ દામાણી (રિઝલ્ટ એડ), ભરતભાઈ જોશી, રાજુભાઈ જુંજા (સિમ્પલ એડ), હરીશભાઈ પુરોહિત (એડમિરેકલ એડવર્ટાઈઝીંગ), કમલભાઈ પારેખ (સર્જન એડવર્ટાઈઝીંગ), મહેશભાઈ શાહ (અરિહંત એડવર્ટાઈઝીંગ), ધીરેનભાઈ વાઘેલા (માઈક્રો મીડિયા), બકુલભાઈ મહેતા (પ્રશાંત પબ્લીસીટી),મહેશભાઈ લખતરિયા (નયન પબ્લીસીટી), મૌલિકભાઈ પારેખ (ચારૂ પબ્લીસીટી), ચિંતનભાઈ ચાંગેલા (સમ્રાટ પબ્લીસીટી), ભુપેન્દ્રભાઈ નંદાણી (સદ્‌ગુરૂ એડ), રજનીભાઈ ગોલ (પટેલ) (ભવ્ય એડ), સંદીપભાઈ ગોહેલ (વાઈકીંગ એડવર્ટાઈઝીંગ), અને હરેશભાઈ કટારીયા (પિન્ટુ પબ્લીસીટી) તસવીરમાં નજરે પડે છે.

## 'આત્મમંથન'

## એક પણ શબ્દ ખોટો હોય તો કહેજો..

હમણાં બે ત્રણ દિવસ પહેલાં એક ગ્રુપ પર એક મેસેજ વાંચ્યો,

'સારું છે પતિ અને પત્નિમાંથી પતિ દેખાવડો હોય છે નહીં તો બન્નેના પાર્લરના ખર્ચા પોષાય નહીં'

મેં લખ્યું 'ખરેખર?'

સામે જવાબ આવ્યો,

'જોક છે'

મતલબ હસી કાઢવાનું

હસી જ તો કાઢી છે એક જીવતી જાગતી વ્યક્તિને ... એનાં આત્મસન્માનના ચીંથરા ઉડી જાય એવાં કંઈ કેટલાયે ફોરવર્ડ ફરે છે અને જોકના નામે ખપે છે.

હમણાં ફેસબુક પર વાંચ્યું

'છોકરા અને છોકરી બન્ને એ ઈન્ટરવ્યુ આપ્યો

છોકરીને જોબ મળી, છોકરાને ના મળી કારણ બન્નેના શર્ટનુ ઉપલું બટન ખૂલ્લું હતું'

કોણ ફેરવે છે આવાં જોક? શું આને જોક કહેવાય? કોઈ એક જેન્ડરનું સરેઆમ અપમાન જોક કહેવાય?

પહેલાં મેસેજ પર હસવાવાળા અને આવાં બ્યુટી પાર્લરના જોક પર હંમેશા હસતાં લોકોને એ કહેવાનું કે સામાન્ય રીતે સ્ત્રીઓ મહિને એકવાર પાર્લર જતી હોય છે, કોઈ બહું જાગૃત હોય કે પછી કોઈ દેખાવ સંબંધિત ક્ષેત્ર સાથે જોડાયેલી હોય તો અઠવાડિયે એકવાર પણ પુરૂષો તો લગભગ રોજ દાઢી કરે છે. એમને સ્ત્રીઓ જ (પત્નિ, મા કે બેન) માથે પ્રેમથી તેલ ઘસી આપે છે. ટાઈ બાંધી આપે છે, શર્ટના બટન ટાંકી આપે છે પણ સ્ત્રીઓને



(મમતા પટેલ-મુંબઈ)

મોટેભાગે સામે આવી સેવા મળતી નથી તો એ લોકો પાર્લર જઈને પોતાને અપડેટ રાખે તો એમાં ખોટું શું છે પ્લસ શું બધાં પુરૂષો ખરેખર દેખાવડા હોય છે? સ્ત્રીઓ પુરૂષોના દેખાવને ચલાવી લે છે કારણ એમનો ઉછેર એ રીતે થયો છે, પુરૂષોના દેખાવને ઈગ્નોર કરવાનો આપણે ત્યાં રિવાજ છે બાકી જાડી જાડી આઈ બ્રો, કાન પર ઉગેલા ગુચ્છા જેવાં વાળ, ચાલીસ પછી આગળ નીકળી આવતી ફાંદ અને પાછળ ચમકી ઉઠતો ચાંદ સ્ત્રીઓને ગમે છે એવું તો નથી જ પણ એનાં સંસ્કાર એમને પુરૂષોની આવી બધી ખામીઓની ખુલ્લેઆમ મજાક કરતાં અટકાવે છે.

માવો ખાઈને કથ્થઈ રંગનાં દાંત તો કોઈ સ્ત્રી કેવીરીતે સહન કરતી હશે એ એક સવાલ છે પણ એ નથી બોલતી એટલે પુરૂષોને કંઈ કરાવવું નથી પડતું અને એટલે નિષ્કર્ષ એ નીકળે છે કે તેઓ દેખાવડા છે.

ભારે શરીર અને માથે ટાલ વાળા પુરૂષો તો પાછાં વજન પડે એવી પર્સનાલિટી ધરાવે છે એવું કહેવાયએ છોગામાં..

શું ઉપર લખેલી ખામીઓ વાળી સ્ત્રીઓ ચાલશે? ગમશે? વિચારજો..

પ્રત્યેક સ્ત્રીને સુંદર રહેવાનો હક્ક છે.

યોગ દિને તુલસી હવે વડ થઈ ગઈ એવાં મેસેજ ફોટાં સાથે ફર્યા, એ જ પાર્ટીમાં કેટલાયે વજનદાર નેતા છે એમને કેમ યાદના કર્યા? યોગ તો સ્ત્રી અને પુરુષ બન્ને માટે સારાં છે, શું કહો છો?

સુસ્મિતા સેન ગયાં અઠવાડિયે ટોક ઓફ ધ ટાઉન (નેશન) બની, એક જ વાત, પૈસા જોઈને...અરે...એની પાસે કરોડો રૂપિયા છે, દુબઈમાં જ્વેલરી સ્ટોર્સ છે, વેબ સિરિઝમાં કાર્યરત છે, એને પૈસાની શું પડી હશે? પણ આપણે તો જજ કરવું જ પડે, કોઈએ કર્યુ પગલું શું કામ ભર્યું એ વિશે પંચાત કર્યા વગર તો નિંદરના આવે અને એમાંય એ પગલું જો કોઈ સ્ત્રીએ ભર્યું હોય તો તો ખાસ..

ઉપર મૂકેલાં બે મેસેજમાંથી બીજા મેસેજ વિશે ખાસ તો એટલું કહીશ કે કોર્પોરેટ વર્લ્ડમાં સ્ત્રીઓને પસંદ કરવાનાં ઘણાં કારણો છે, પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરે છે, પુરૂષો જેટલાં લફરાં કરતી નથી અને લાસ્ટ બટ નોટ ધ લિસ્ટ ઘડી ઘડી જોબ બદલતી નથી.

બટન ખુલ્લું રાખવાથી સ્ત્રીને જોબ મળતી હોય તો એમાં વાંક પુરૂષોનો છે, શા માટે એમને કોઈ પણ સ્ત્રીમાં દિમાગને બદલે ફક્ત ખુલ્લા બટન નીચેના ભાગમાં જ રસ છે?

ચાલીસે પહોંચેલી સ્ત્રીએ પણ ક્યારેક પોતાનાં કલીગને એવું કહેવું પડે કે 'આપણે એક કામ કરીએ, પહેલાં તમે જોઈ લો જે જોવું હોય એ, એ પછી આપણે કામ કરીશું' એ શું સાબિત કરે છે? પુરૂષ પ્રધાન સમાજે હવે કરવટ લેવાનો સમય આવી ગયો છે, સ્ત્રીઓને હવે ફક્ત પોતાની **ability** સાબિત કરવામાં રસ છે, બટન ખુલ્લું રાખીને કોઈને આકર્ષવામાં નહીં.

વાત પુરૂષ પ્રધાન સમાજની નીકળી જ છે તો કહી દઉં કે પોતાની સગવડ માટે વર્ષોથી ધોતી બંડી અને ટોપી જેવો પારંપરિક પહેરવેશ છોડીને પેન્ટ શર્ટ, બ્લેઝર, સુટ જેવાં વિદેશી પરિધાન સ્વિકારી ચૂકેલાં પુરૂષો (હવે તો બર્મુડા પણ) સ્ત્રીઓ સાડીઓ પહેરીને પારંપરિક વેશમાં ઢંકાયેલી જ ફરે એવું ઈચ્છે છે.

પુરૂષો લગ્નને ગંભીરતાથી લે ના લે, લગ્ન પછી પણ લફડા કરે પણ સ્ત્રીઓએ પાંચ વર્ષની ઉંમરથી 'એને સારો વર મળે' એવી ઈચ્છા સાથે વ્રત કરવાનાં, પછી વર મળી જાય એટલે એ લાંબું જીવે એ માટે વટ સાવિત્રી કે કડવા ચોથ ના ઉપવાસ કરવાના.. જ્યારે આપણે આવી જ માન્યતાઓ સાથે કોઈ છોકરીને મોટી કરીશું ત્યારે એ પોતાના જીવનનો અંતિમ ધ્યેય લગ્ન અને લગ્નની સફળતાને જ માનશે અને જો એ લગ્નમાં નિષ્ફળ જશે તો પછી આત્મહત્યા કરવા પ્રેરાશે કારણ એને લાગશે કે જીવનનો હવે કોઈ મતલબ જ રહ્યો નથી.

નાની છોકરીઓ ને એક વ્યક્તિ તરીકે ઉછેરો, એનાં જીવનમાં પણ લગ્ન અને પતિ સિવાય બીજું ઘણું બધું છે / હોઈ શકે એવું સમજવાં દો, બે માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ એક સમજણ સાથે લગ્ન કરે ત્યારે એ લગ્ન સફળ થવાનાં ચાન્સ ઉલટું વધી જાય છે.

પરિવર્તન સંસારનો નિયમ છે એ બોલે તો બધાં જ છે પણ સ્વિકારી શકતાં નથી.

પરિવર્તન ક્યારેય એક પક્ષે ના ચાલે, સમાજ ક્યાં સુધી આમ **imbalance** ( લંગડો ) થઈને ચાલશે? બેલેન્સ કરવાનો સમય હવે આવી ગયો છે અને એટલે જ સ્ત્રીને એક વ્યક્તિ તરીકે સ્વિકારતા શિખવું પડે.

એક ફ્રેન્ચ કહેવત છે કે તમે કેવાં જોક પર હસો છો એનાંથી તમારી માનસિકતા છતી થાય છે માટે સાત વખત વિચારીને કોઈ જોક ફોરવર્ડ કે પોસ્ટ કરજો ક્યાંક હસવા જતાં ખસવાનો વારોના આવે, સ્વસ્થ સમાજ રચવાની, સંસ્કૃતિ અને પરંપરાને આગળ વધારવાની મસમોટી જવાબદારી સ્ત્રીઓને માથે નાખીને આપણે એને દરેક વાતે જજ કરીએ, હસી કાઢીએ એ શોભા આપે એવું કામ તો નથી જ નથી, સામે પક્ષે સ્ત્રીઓએ પણ સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચે રહેલી પાતળી રેખાને સમજીને ચાલવું પડે.

અને આપણે સૌએ આ વાત પર આત્મમંથન પણ કરવું પડે.

### સવારે સરથાણાથી સૌરાષ્ટ્ર ભવન સુધીની રથયાત્રાનું પ્રસ્થાન

## સુરતમાં આજે કારગીલ વિજય દિવસની ઉજવણી

**આજે રાત્રે સરદાર સ્મૃતિ ભવન ખાતે ૧૧ વીર જવાનોના પરિવારનું સન્માન કરીને રૂા.૨૨ લાખ અર્પણ કરાશે**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

સુરત, તા.૨૬

જય જવાન નાગરિક સમિતિ સુરત તરફથી સમર્પણ ગૌરવ સમારોહમાં ૧૧ વીર જવાનોના પરિવારોને સન્માન સાથે રૂ. ૨૨ લાખ અર્પણ થશે. કારગીલ વિજય દિવસે વિવિધ કાર્યક્રમોમાં વીરજવાનોને ભાવાંજલિ અને પરિવારોનું ઠેરઠેર સ્વાગત સન્માન થશે. આજે ૨૬ મી જુલાઈ કારગીલ વિજય દિને સવારે ૮:૩૦ કલાકે પુષ્પાંજલિ ૯:૩૦ થી સરથાણાથી સૌરાષ્ટ્ર ભવન સુધી ત્રિરંગા યાત્રા નીકળી હતી. રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ તરફથી ત્રિરંગા યાત્રાનું આયોજન છે. જેમાં જવાનોના પરિવારોનું ઠેરઠેર અભિવાદન થશે.

સૌરાષ્ટ્ર ભવન ખાતે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સુરત તરફથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી વીર જવાનોને ભાવાંજલિ અપાશે. આ વર્ષે વિશેષ વીર જવાનોને ભાવાંજલિ આપવા અને ૨૮ ચિત્રકારો ચિત્રો દોરશે જેની જે આવક થશે તે જવાનોના પરિવારો માટે આપવામાં આવનાર છે. રાત્રે યોજાનાર પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા અને મુખ્ય મહેમાન રાજ્યના પોલીસ વડા આઈ.જી. સુભાષભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં ૧૧ વીર શહીદોના પરિવારોને અભિવાદન સાથે કુલ ૨૨ લાખ રૂપિયાથી વધુ સહાય અર્પણ કરવામાં આવનાર છે.

દર વર્ષે કારગીલ વિજયદિને વીર જવાનોના પરિવારોને સન્માન સાથે સહાય અર્પણ કરવામાં આવે છે. આ વર્ષે કુલ ૨૨ પરિવારોને સહાય આપવા નક્કી કર્યું હતું. તેમાંથી ૧૧ પરિવારોને તેમના વતન ઘેર રૂબરૂ મુલાકાત લઈ સન્માન અને સહાય અર્પણ કરવામાં આવી છે. ૧૧ પરિવારોને કારગીલ વિજય દિવસે સુરત બોલાવવામાં આવ્યા છે. તેમને કુલ ૨૨ લાખ સહાય અર્પણ થશે તે સાથે આ વર્ષે આપવાનો કુલ ૩૫ લાખ સહાય અર્પણ કરવાનો નિર્ધાર છે. તે માટે રાષ્ટ્રપ્રેમી જનતા તરફથી દાનનો પ્રવાહ શરૂ થયો છે.

કારગીલ વિજય દિવસની ગૌરવભેર ઉજવણી માટે શહેરની ૭ શાળાઓમાં ૭ શહીદ જવાનોના પરિવારોનું અભિવાદન થશે. સ્કૂલ, રામકૃષ્ણ વિદ્યાભવન, એલ.પી.ડી. વિદ્યાલય, ન.પ્રા. શાળા ક્રમાંક ૧૬ નાના વરાછા, શારદા વિદ્યાલય સનગ્રેસ વિદ્યાલય, ઉધના અને ઇન્નરવ્હીલ કલબ ઓફ સુરતમાં બાળકો અને બહેનોની ઉપસ્થિતિમાં શહીદોને ભાવાંજલી તથા પરિવારને સન્માન અને સહાય અર્પણ કરવામાં આવશે. કારગીલ વિજય દિને સૌરાષ્ટ્ર પટેલ ભવન ખાતે સ્વનિર્ભર શાળા સંચાલક સુરત તરફથી રક્તદાન અને કલા સંસ્થાના ચિત્રકારો કારગીલ વિજયની થીમ પર ચિત્રો બનાવશે. આ ચિત્રોની હરાજી થશે અને જે રકમ આવશે તે વિર જવાનોના પરિવાર માટે આપવામાં આવનાર છે.

જય જવાન નાગરિક સમિતિ સુરત તરફથી ૧૯૯૯થી છેલ્લા ૨૨ વર્ષથી નિયમિત વિર જવાનોના પરિવારોને સન્માન સાથે મદદ કરવાનું કાર્ય નિરંતર થાય છે. કદાચ આ પહેલો અનોખો એવો કાર્યક્રમ હશે. તેમાં જેને આવવું હોય તે સામેથી પ્રવેશ પાસ મેળવે છે. કોઈની પાસે ક્યારેય દાન માંગવામાં આવતું નથી. સ્વેચ્છાએ દાનનો પ્રવાહ ખુબ ઉમદા ભાવ સાથે આવે છે. આજે સરદાર સ્મૃતિ ભવન ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કાર્યક્રમનો પ્રારંભ થશે.

**ફયુચર સ્ટાર સ્પોર્ટસ કલબ દ્વારા આયોજન**

## ઓપન સૌરાષ્ટ્ર સ્વિમિંગ ચેમ્પિયનશિપનો પ્રારંભ

### ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલના હસ્તે લોકાર્પણ, ૪૦૦ થી વધુ તરણવીરોએ ભાગ લીધો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

ફ્યુચર સ્ટાર સ્પોર્ટ્સ કલબ દ્વારા રાજકોટ કોઠારિયા રોડ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ સ્નાનાગાર ખાતે તરણ સ્પર્ધા ઓપન સૌરાષ્ટ્ર સ્વિમિંગ ચેમ્પિયનશિપ-૨૨ નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ૫ વર્ષ થી લઈ ને ૬૨ વર્ષ સુધીના તમામ ભાઈઓ બહેનો દ્વારા ભાગ લેવામાં આવ્યો છે. ધાસસભ્ય ગોવિંદભાઈ પટેલ દ્વારા આજે ફ્યુચર સ્ટાર સ્પોર્ટ્સ કલબ દ્વારા આયોજીત ઓપન સૌરાષ્ટ્ર સ્વિમિંગ ચૈમ્પિયનશિપ-૨૨ની પ્રારંભ કરવામાં આવ્યો હતો. પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે, કોરોના કાળ પછી સૌરાષ્ટ્ર સ્તરની આ પહેલી સૌથી મોટી તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તે બદલ આયોજકોને ખુબ ખુબ અભિનંદન આપતા વધુમાં જણાવ્યું કે આ તરણ સ્પર્ધામાં એક નેશનલ સ્પર્ધા જેવો માહોલ આયોજકો દ્વારા ઉભો કરવામાં આવ્યો છે. ખેલાડી ભાઈઓ બહેનોને એક ખુબજ મોટું સ્ટેજ પૂરૂં પાડવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં મહેમાન તરીકે ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પૂર્વ સરપંચ જગતસિંહ જાડેજા (રીબડા) પ્રદેશ મંત્રી અધિવક્તા પરિષદ એડવોકેટ જયેશભાઈ જાની, સંયોજક સહકારી સેલ ડો.પ્રવીણભાઈ નિમાવત, ભાજપ અગ્રણી ગૌતમભાઈ ગોસ્વામી, રાજેશભાઈ ટાંક, ઉદ્યોગપતિ લવજીભાઈ મોલીયા, ભુપતભાઈ રાઠોડ, વગેરે મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ તરણ સ્પર્ધામાં કુલ ૬ એઈજ ગ્રુપમાં ૪૦૦ થી વધુ ખેલાડીઓ જેમાં ૫ વર્ષથી લઈ ને ૮૦ વર્ષ સુધીના ભાઇઓ બહેનો ખેલાડીઓ ભાગ લીધો હતો. અને પોતાની તરણ પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. તરણ સ્પર્ધામાં અલગ-અલગ સ્ટાઈલ મુજબ-અલગ અલગ કુલ ૫૮ પ્રકાર ની વિવિધ સ્પર્ધાઓ રહી હતી. જેમાં ખેલાડીઓ ભાઈઓ-બહેનો દ્વારા પોતાના એઈજ મુજબ અલગ-અલગ ગ્રુપમાં ભાગ લીધો હતો. અને આ દરેક સ્પર્ધામાં પેલો બીજો તથા ત્રીજો નંબર આપવામાં આવ્યો હતો તથા તમામ વિજેતાઓને મેડલ સર્ટિફિકેટ તથા રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યું હતું.

## ઉંટવડ ગામ પાસે પીક-અપ વાન પલટી જતાં ચાલકનું મોત : કનેઈજા

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૬

રાજકોટ જિલ્લાના જામકંડોરણા ગામે રહેતા સંજયભાઈ સુરેશભાઈ બાલધા નામના ૩૫ વર્ષીય યુવક પોતાના હવાલાવાળા પીક-અપ વાન નંબર જી.જે.૦૪ બી.વી. ૫૭૭૭ લઈ બાબરા તાલુકાના ઉંટવડ ગામ પાસેથી પસાર થતા હતા ત્યારે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતાં પીક-અપ વાન પલટી જતાં ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયું હતું. જયારે અન્ય ૬ લોકોને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

## લાયન્સ કલબ ઓફ રાજકોટ સિલ્વરના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬



લાયન્સ કલબ ઓફ રાજકોટ સિલ્વરના ૨૦૨૨-૨૩ના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. આ શપથવિધિ સમારોહમાં લાયન ઇન્સ્ટોલેશન ઓફિસર લાયન દિવ્યેશભાઈ સાકરીયા તેમજ નવનિયુક્ત ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ઝોનના ચેરપર્સન લાયન રેશમાબેન સોલંકી તથા નવનિયુક્ત રાજકોટ ત્રણ અને ઝોન સાતના રીજીયોનલ ચેરમેન લાયન અનવરભાઈ ઠેબા મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા

લાયન્સ કલબ ઓફ રાજકોટ સિલ્વર ના શપથવિધિ સમારોહમાં ઇન્સ્ટોલેશન ઓફિસર લાયન દિવ્યેશભાઈ સાકરિયાએ ૨૦૨૨-૨૩ના નવનિયુક્ત પ્રમુખ તરીકે લાયન અંકિતભાઈ અનડકટ, ઉપપ્રમુખ અનંતકુમાર સીન્હા, લાયન રાજેશ પ્રસાદ, સેક્રેટરી લાયન નિતેશભાઈ મજીઠીયા, જોઈન્ટ સેક્રેટરી લાયન સ્વાતિબેન મજેઠીયા ટ્રેઝરર લાયન સોફિયાબેન ઠેબા, જોઈન્ટ ટ્રેઝરર લાયન સેલજુબેન અનડકટ, સાઈટ ફર્સ્ટ લાયન ડોક્ટર જનકભાઈ મહેતા, એલ એલ આઈ સી એફ કો-ઓર્ડીનેટર લાયન જીતેન્દ્ર વડગામા, લાયન પન્નાબેન નગદીયા, ટેઈલ ટ્વિસ્ટર લાયન ત્રિલોચનાકોર નંદા, જીએટી નેટર લાયન મહેશભાઈ નગદીયા. જીએમટી કોઓર્ડીનેટર લાયન મનમોહનસિંહ નંદાજીને સેવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

ઉપરાંત બોર્ડ ઓફ ડાયરેક્ટર તરીકે લાયન પ્રહલાદ સત્રમણી, લાયન વિજય મહેતા, લાયન જીતેન્દ્ર જાજલ, લાયન ડોક્ટર સતીશ શંખવાલા, લાયન અનુપમા આરતીસિંહા, લાયન પ્રજ્ઞા વડગામા, લાયન સોમ્યપ્રસાદ, લાયન છાયાબેન જાજલની વરણી કરવામાં આવી હતી. તેમ જણાવ્યું છે.



કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યસભામાં જાહેર કરાયા આંકડા

# દેશના દરિયાકાંઠે એક જ વર્ષમાં ૪૦ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું

## સૌથી વધારે પ્રમાણમાં ગુજરાતના સમુદ્રમાંથી અને કાંઠા પરથી અવારનવાર ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં એટીએસ અને કોસ્ટગાર્ડને સફળતા



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૨૬

ગત ૨૦૨૧ની સાલમાં ગુજરાત સહિત દેશના દરિયાકાંઠેથી રૂ.૪૦ હજાર કરોડની કિંમતનો નશીલા પદાર્થોનો જંગી જથ્થો ઝડપી લેવામાં કાયદો અને વ્યવસ્થા તંત્રને સફળતા મળી છે. તમામ રાષ્ટ્રીય અને સ્થાનિક એજન્સીઓ દ્વારા મુન્દ્રા બંદર સહિત મધદરિયામાંથી અને કાંઠામાંથી અત્યાર સુધી પકડાયેલા જથ્થાનો આ સૌથી મોટો વિક્રમી આંકડો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યસભામાં રજુ કરાયેલા ડેટા મુજબ એક વર્ષમાં એટલે કે, ૨૦૨૧માં ૫૬૦૦ કિગ્રા જેટલો ડ્રગ્સનો જથ્થો પકડાયો છે.

સંસદમાં અપાયેલી માહિતી મુજબ ગયા વર્ષે એટીએસ કોસ્ટગાર્ડ સહિતની એજન્સીઓ દ્વારા પકડાયેલા જથ્થા પૈકી સૌથી મોટો જથ્થો મુન્દ્રામાંથી ઝડપાયો હતો. મુન્દ્રા બંદરેથી ગયા વર્ષે ત્રણ હજાર કિલો હેરોઈનનો જંગી જથ્થો કબ્જે લેવામાં આવ્યો હતો. માત્ર આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદો પરથી પકડાયેલા માલની જ વિગતો આપવામાં આવી છે. દેશમાં અંદરના ભાગોમાં ઝડપાતો જથ્થો તો અલગ જ છે. રાજયસભામાં માહિતી અપાઈ હતી કે, ૨૦૨૦ના પ્રમાણમાં ગયા વર્ષે પકડાયેલો જથ્થો ૭૨ ટકાનો ઉછાળો સૂચવે છે. ગયા વર્ષે સૌથી વધુ હેરોઈન ગુજરાતમાં પકડાયા બાદ બીજા ક્રમે પંજાબમાંથી ૮૧૯ કિલો અને મેઘાલયમાંથી ૫૦૧.૯૯ કિલો હેરોઈન કબ્જે કરવામાં આવ્યો હતો. ૨૦૨૧ ની સાલ દરમ્યાન જે જથ્થો પકડાયો એ દેશના ઈતિહાસનો સૌથી મોટો રહ્યો છે. મુન્દ્રા બંદરેથી ઝડપાયેલા ૩ હજાર કિગ્રા હેરોઈનની તપાસ એટલે જ એનઆઈએને સોંપવામાં આવી છે.

ગૃહખાતાએ સંસદમાં માહિતી આપી હતી કે, દેશમાં ડ્રગની હેરફેર અને કારોબાર રોકવા માટે સરકારે સંખ્યાબંધ પગલા લીધા છે. આ દુષણને નાબુદ કરવા માટેના પગલા લેવામાં સંકલન રહે એ માટે કેન્દ્ર તથા રાજયની એજન્સીઓ, વિવિધ મંત્રાલયો અને સરકારી વિભાગોની એક ખાસ નાર્કો સંકલન સમિતિ રચવામાં આવી છે. તપાસ અને સંકલન માટે ૪ તબક્કાનું માળખું રચવામાં આવ્યું છે. સૌથી ઉપર એપેક્ષ કમિટી (કેન્દ્રીયગૃહ ખાતાના નેજા હેઠળ), કારોબારી કમિટી (સ્પેશિયલ સચિવ આઈએસના નેજા હેઠળ), રાજ્ય કક્ષાની સમિતિ (રાજ્યોના મુખ્ય સચિવોના નેજા હેઠળ) અને જિલ્લા કક્ષાની સમિતિ (જિલ્લા કલેકટરના નેજા હેઠળ) ની રચના થઇ છે.

દરિયાકાંઠેથી ડ્રગ્સનો જથ્થો ઘુસાડવાના પ્રયાસો નિષ્ફળ બનાવવા માટે ભારતના પાડોશી દેશો પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને મ્યામાર સાથે સતત વાટાઘાટો થતી રહે છે. ડ્રગ્સના દુષણને રોકવા અને નાબુદ કરવા માટે ભારતે વિવિધ દેશો સાથે સુરક્ષા સહયોગના કરારો કર્યા છે. નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા વિવિધ દેશોનાં તપાસનીશ સંગઠનો સાથે અને સુરક્ષા એજન્સીઓ સાથે સતત સંપર્કમાં રહે છે. જેથી કરીને ડ્રગ્સ અંગેની ગુપ્ત માહિતી અને અન્ય વિગતોની આપ-લે કરી શકાય.(૨.૧૨)

કલેક્ટર કચેરી ખાતે પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માન

# રાજકોટ જિલ્લાની ૩૮ શાળાઓને સ્વચ્છતા એવોર્ડ



### ઓલઓવર રેન્કિંગમાં ગ્રામ્યમાં દેવડા પ્રાથમિક શાળા અને શહેરમાં શાળા નં.૮૫નો પ્રથમ નંબર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ જિલ્લાની ૩૮ શાળાઓને જિલ્લાકક્ષાનો સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર પ્રાપ્ત થયો છે. રાજકોટ જિલ્લાની આશરે ૨૩૩૬ જેટલી શાળાઓએ આ સ્પર્ધામાં ઝુકાવ્યું હતું. જેમાં ઓવર ઓલ કેટેગરીમાં આઠ શાળાઓ જ્યારે સબ કેટેગરીમાં ૩૦ શાળાઓ એવોર્ડ વિજેતા બની છે. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં આ વિજેતા શાળાઓને મહાનુભાવોના હસ્તે રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાઈ હતી.

રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લાનો સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર ૨૦૨૧-૨૨ યોજવામાં આવ્યો હતો. કેન્દ્રના શિક્ષણ મંત્રાલય અંતર્ગત શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ તેમજ સર્વ શિક્ષા અભિયાનના ઉપક્રમે સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર આપવામાં આવે છે. જેમાં પ્રથમ ક્રમાંકે આવનારી શાળાને રૂપિયા ૧૫ હજાર, દ્વિતીય ક્રમાંકની શાળાને રૂપિયા ૧૨ હજાર તથા તૃતીય ક્રમાંકની શાળાને રૂપિયા ૧૦ હજાર એમ ૧૦ નંબર સુધીની શાળાઓને રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

રાજકોટ જિલ્લામાં ૨૩૩૬ શાળાઓએ આ પુરસ્કાર માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં જિલ્લામાં ઓવરઓલ કેટેગરીમાં કુલ છ શાળા આ પુરસ્કાર માટે વિજેતા થઈ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં દેવડાની પ્રાથમિક શાળા જ્યારે શહેરી વિસ્તારમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળા નંબર-૮૫ પ્રથમ ક્રમે આવી છે. જ્યારે ૩૦ શાળાઓ સબ કેટેગરીમાં વિજેતા બની છે. આ તમામ શાળાઓને જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુ, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, જિલ્લા શિક્ષણ અધિકાર બી.એસ. કૈલા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન ધર્મેન્દ્રભાઈ ટીલાળા, રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અતુલ પંડિત, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના આચાર્ય મીનાક્ષીબહેન, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વાણવી વગેરે મહાનુભાવોના હસ્તે પુરસ્કાર વિતરણ કરાયું હતું. આ શાળાઓને હવે રાજ્યકક્ષાએ નોમિનેટ કરાશે.

ગત સપ્તાહ દરમ્યાન રાજકોટ રાજપથ લી. દ્વારા કરાઇ કામગીરી

# ૮ કંડક્ટરને ટેમ્પરરી અને બે કંડકટરને કાયમી ધોરણે સસ્પેન્ડ

## RMTS દ્વારા ટિકિટ ચેકિંગ દરમિયાન ૧૦ મુસાફરોને કુલ રૂ.૧,૧૦૦ નો દંડ કરાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટ મહાનગરપાલિકાની પરિવહન સેવાઓનું સંચાલન અને નિયંત્રણ કરતી SPV- રાજકોટ રાજપથ લી. દ્વારા ગત તા.૧૮ થી ૨૪ જુલાઇ સુધીમાં કરવામાં આવેલી કામગીરી વિગત પ્રમાણે શહેરીજનોને ૪૬ રૂટ પર ૯૧ સિટી બસ દ્વારા સેવા પુરી પડાઇ છે.

જેમાં કુલ ૨,૧૦,૧૬૩ મુસાફરોએ લાભ લીધો હતો. સિટી બસ દ્વારા કામમાં ક્ષતિબદલ ખાનગી એજન્સીઓને અંદાજીત રૂ.૩ લાખથી વધુનો દંડ કરવામાં આવ્યો હતો તેમજ બસ સેવાની કામગીરીમાં ગેરરીતી સબબ ૮ કંડકટરને ટેમ્પરી અને બે કંડકટરને કાયમી ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ત્યારે બીજી બાજુ ટિકિટ વગર મુસાફરી કરતા ૧૦ મુસાફર પાસેથી રૂ.૧,૧૦૦નો દંડ વસુલાયો હતો.

BRTS બસની વિગત પ્રમાણે, શહેરીજનોને કુલ ૧૮ રૂટ પર BRTS સેવા પુરી પાડે છે. જેમાં ગત સપ્તાહ દરમ્યાન કુલ ૧,૭૬,૨૦૮ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો. સિટી બસ અને BRTS બસ સેવામાં નાગરિક દ્વારા સિટી બસ સ્ટોપ, પીક અપ સ્ટોપ વગેરે જેવી મનપાની જાહેર મિલકત હોય, તેના પર પોતાની અંગત જાહેરાત લગાવવી તે દંડનિય તથા કાયદેસરના પગલા લેવાને લાયક છે. બાબતે પરિવહન સેવામાં સુપરવાઇઝરી સ્ટાફ મારફતે કાર્યવાહી કરાવવામાં આવેલ છે. તેમ રાજકોટ મહાનગરપાલિકાની યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# ડિવાઈન ફાઉન્ડેશન દ્વારા સ્લમ વિસ્તારમાં કરાઈ સેવાકીય પ્રવૃત્તિ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૬

ડિવાઈન ફાઉન્ડેશન દ્વારા સ્લમ વિસ્તાર નાના ભુલકાઓની હેલ્થી અને ટેસ્ટી સમોસા અને કપ ખવડાવવામાં આવી. આ કાર્ય ડિવાઇન ફાઉન્ડેશન હોદ્દેદારો પિયુષભાઇ ભટ્ટી, નિકુંજભાઈ પિઠવા રોનકભાઈ મોદી દિનેશભાઈ પિઠવા ભાવિનભાઈ ભટ્ટી અને ડિવાઈન ફાઉન્ડેશનના દાતા શ્રીરામ કલર અને ગૃપના સહકારથી આ કાર્ય કરવામાં આવ્યું.

આ રીતે આપી સેવા કરવા માંગતા હોય તો અમારી સાથે ડિવાઇન ફાઉન્ડેશનમાં જોડાઇ થઇ શકો છો તેમજ ઓનલાઇન દાન કરી શકો છો. વધુ માહિતી માટે (મો.નં.૯૬૨૪૮ ૯૧૨૬૮) પર કરવા યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# સોમવારે કોરોનાના નવા ૪૪ કેસ દાખલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬



રાજકોટમાં કોરોનાના ૨૬ કેસ પોઝિટિવ આવ્યા બાદ સોમવારે કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૪૪ થઇ છે. સોમવારે રાજકોટ શહેરમાં કોરોનાના વધુ ૪૪ દર્દી સંક્રમિત થતા શહેરમાં હાલ એક્ટિવ કેસની સંખ્યા ૨૦૦ને પાર થઇ ગઈ છે અને કુલ એક્ટિવ કેસ ૨૨૮ હોવાનું મનપાના ચોપડે નોંધાયું છે.સોમવારે જાહેર થયેલા રિપોર્ટ પ્રમાણે રાજકોટમાં કોરોનાના કુલ ૬૪૩૨૭ કેસ નોંધાયા છે. જેમાં હાલ સારવાર હેઠળ ૨૨૮ દર્દી છે અને સોમવારે કોરોનામાંથી સાજા થયેલા ૧૨ દર્દીને રજા આપવામાં આવી હતી. સોમવારે સૌથી વધુ ૧૬ કેસ વોર્ડ નં.૮માં નોંધાયા છે.

# લોકમેળાને શીર્ષક આપવા માટેનો કાલે છેલ્લો દિવસ

## ઈચ્છુક સ્પર્ધકએ વહેલી તકે એન્ટ્રી પત્ર અથવા ઈ-મેઈલથી મોકલી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ શહેરમાં રેસકોર્સના મેદાનમાં આગામી જન્માષ્ટમી નિમિત્તે તા.૧૭ ઓગસ્ટ,૨૦૨૨થી યોજાનારા લોકમેળાનું આકર્ષક શીર્ષક લોકો દ્વારા જ આપવાની પ્રથાને અનુસરતા આ વર્ષે પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને ઇજન આપવામાં આવ્યું છે. જેને લોકોએ વધાવી મોટી સંખ્યામાં વિવિધ નામો સૂચવવામાં આવ્યા છે.

મેળાને આકર્ષક શીર્ષક આપવાની કાલે તા.૨૭ એ છેલ્લી તારીખ રહેલ ઇચ્છુક સ્પર્ધક વહેલી તકે એન્ટ્રી મોકલી આપે તેમ સમિતિ દ્વારા જણાવાયું છે.

સ્પર્ધકે પોતાની એન્ટ્રી પત્રથી અથવા ઇ-મેઇલથી મોકલવાની રહેશે. એન્ટ્રી મોકલનારા સ્પર્ધકે સુવાચ્ય અક્ષરમાં પોતાનું નામ, સરનામું, સંપર્ક નંબર લખવાનો રહેશે. ઇમેઇલથી મોકલનાર સ્પર્ધકે પણ સરનામું અને સંપર્ક નંબર અચૂક લખવાનો રહેશે.

સ્પર્ધકોએ એન્ટ્રી મોકલવાનું સરનામું લોકમેળા અમલીકરણ સમિતિ, કલેક્ટર કચેરી, ખાસ શાખા, શ્રોફ રોડ, રાજકોટ. જ્યારે ઇ-મેઇલ આઇ.ડી. collectorsbranchgmail.com ઉપર મોકલી આપવાની રહેશે. સમય મર્યાદા બાદ આવેલી એન્ટ્રી ધ્યાને લેવામાં આવશે નહીં. તેમ નિવાસી અધિક કલેક્ટરની યાદીમાં જણાવાયું છે.(૧૩.૧૧)

# બુઢા અમરનાથ યાત્રાએ જતા ધર્મપ્રેમીઓને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પ્રસ્થાન કરાવાયું



જામનગર, તા.૨૬

જામનગરથી વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બાબા બુઢા અમરનાથ યાત્રા માટે જિલ્લાના ૩૦થી વધુ હિન્દુ સમાજના ભાઈ-બહેનો વૈષ્ણોદેવી કટરા ટ્રેન મારફતે રવાના થયા હતા. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ ભરતભાઈ ડાંગરિયા, ઉપાધ્યક્ષ રમેશભાઈ તારપરા સહિતના અગ્રણીઓ અને વિશ્વ હિન્દુ પરિષદના મહિલા વિભાગના સંયોજિકા હીનાબેન અગ્રાવતની આગેવાનીમાં બુઢા અમરનાથ ખાતે યાત્રાએ જતા ધર્મ પ્રેમીઓને પુષ્પહાર સાથે હાપા રેલવે સ્ટેશન ખાતે પ્રસ્થાન કરાવ્યું હતું અને તેઓની યાત્રા સુખમય નિવડે તેવી શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૫માં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા જમ્મુના પૂછમાં આવેલ રાજોરીમાં આવેલ અતિ કઠિન બનાવતા બાબા બુઢા અમરનાથના સાનિધ્યમાં શ્રદ્ધાળુઓને દર્શન માટે જવાની શરૂઆત કરવામાં આવી હતી. આ યાત્રા દરમિયાન સૌરાષ્ટ્રમાં અંદાજિત ૬૦૦ લોકો બે દિવસ માટે શરૂ થનાર બાબા બુઢા અમરનાથ યાત્રામાં જોડાઈ રહ્યા છે. જામનગરથી એક અઠવાડિયા માટેની આ યાત્રા માં ૩૦થી વધુ બહેનો અને ભાઈઓ જોડાયા છે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

# વીરપુરઃ ગાયત્રી મંદિર ખાતે વિનામૂલ્યે દંત ચિકિત્સા કેમ્પ યોજાયો



(કિશન મોરબીયા દ્વારા)
વીરપુર, તા.૨૬

સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુરમાં શ્રી જલારામ મંદિર-ગ્રીનફડે-લંડન (યુ.કે) અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ગાયત્રી સેવા સમિતિ તથા ગાયત્રી મહિલા મંડળના ઉપક્રમે દંત નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ૭૫ જેટલા દાંતના દર્દીઓનું નિદાન કરાયું હતું. જેમાં હલતા-દુખતા દાંત-દાઢ આયુર્વેદની જલંધર બંધ વિદ્યા વડે ઇન્જેકશન વગર કાઢી આપવામાં આવેલ તેમજ ૧૦ જેટલા જરૂરિયાત વાળા વૃધ્ધ દર્દીઓને દાંતની બત્રીસી (ચોકઠું) વિનામુલ્યે બનાવી આપવામાં આવેલ. આ દંત નિદાન કેમ્પમાં રાજકોટના ડિવાઈન ટ્રસ્ટના પ્રમુખ દંત વૈદ્ય ડો.જયસુખભાઇ મકવાણા, સહયોગી સ્ટાફ ડો.સંજય અગ્રાવત, કુ. મોનિકા ભટ્ટ, કુ.જાગૃતિ ચૌહાણ દ્વારા સેવા આપવામાં આવી હતી.(૧૩.૧૧)

ઉપલેટા કટલેરી બજાર એસોસિએશન દ્વારા

# ધારાસભ્ય લલિત વસોયાનું સાકારતુલા કરી સન્માન કરાયું



(આશિષ લાલકીયા દ્વારા)
ઉપલેટા, તા.૨૬

ઉપલેટા તેમજ ધોરાજી પંથકમાં ધોરાજી-ઉપલેટા વિધાનસભાના ધારાસભ્ય લલિત વસોયાએ પોતાની ગ્રાન્ટમાંથી ચાર જેટલી એમ્બ્યુલન્સ ફાળવી છે ત્યારે આ સુંદર કર્યો બદલ ઉપલેટા કટલેરી બજાર એસોસિએશન દ્વારા ધારાસભ્ય લલિત વસોયાનું સાકારતુલા કરીને સન્માન કરવામાં આવ્યું હતું. ઉપલેટા શહેરના એપલગ્રીન પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં દ્વારકાધીશ સ્વામિનારાયણ મુખ્ય મંદિર ઉપલેટા મંદિરના સંત, ઉપલેટા તેમજ આસપાસના પંથકના આગેવાનો કટલેરી બજાર એસોસિએશનના કારોબારી સદસ્યો, વ્યાપારીઓ સહિતના સૌ કોઈ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય લલિત વસોયાએ જણાવ્યું હતું કે, ઉપલેટા-ધોરાજી વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના લોકોને મેડિકલ ક્ષેત્રે નજીકમાંથી મોટા શહેરો તરફ જવા માટે જરૂર પડ્યે નજીકમાં રહેલી આ એમ્બ્યુલન્સ ઉપયોગી થવા માટેના હેતુસર લોકોના હિત માટે આ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે તેવું જણાવેલ. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

# દ્વારકામાં ભાજપ પ્રભારીની હાજરીમાં યોજાઇ બુથ-લેવલની ખાસ બેઠક





(દિવ્યેશ જટાણીયા દ્વારા)
દ્વારકા, તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે ભાજપ પ્રભારી હમુખભાઇ હિંડોચા દ્વારા દરેક શકિત કેન્દ્ર પર બુથ લેવલ સુધીની બેઠક લેવામાં આવી હતી. આ તકે જિલ્લા ભાજપ અગ્રણી સહદેવસિંહ પબુભા માણેક, જિલ્લા ભાજપ મહામંત્રી યુવરાજસિંહ વાઢેર, દ્વારકા શહેર પ્રમુખ વિજયભાઇ બુજ્જડ, મંત્રી રમેશભાઇ હેરમા, દ્વારકા નગરપાલિકા પ્રમુખ જયોતિબેન સામાણી તેમજ તમામ ચુંટાયેલા સંગઠનની ટીમ ઉપસ્થિત રહી હતી.

મોકાની ઓફીસ વેચવાની છે
રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.
સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫


PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

# રાજકોટમાં લઠ્ઠાકાંડને આમંત્રણ આપતી દેશીદારૂની ભઠ્ઠીઓની રેલમછેલ



## દેશીદારૂ બનાવીને ખુલ્લે આમ રૂ.૨૦ કે ૨૫ માં દારૂની કોથળીઓનું સરાજાહેર વેચાણ થતું હોવાની શહેરભરમાં ચર્ચા

### દરરોજ સાંજ પડ્યે અડ્ડાઓ પર બણબણતી માખીઓની જેમ ઉમટી પડે છે પ્યાસીઓ

### કુબલીયાપરા વિસ્તારમાં પોલીસની નજર નીચે ધમધમતા દેશીદારૂના અડ્ડા!!

### સ્થાનિક લોકો દારૂના વેપલા અને ભઠ્ઠીઓથી હેરાન- પરેશાન પણ માથાભારે તત્વોની બીકથી લોકો ચુપ, પોલીસ સાથે લોકલ બુટલેગરોની સાંઠગાંઠ હોવાનો ગંભીર આક્ષેપ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

રાજકોટના કેટલાક વિસ્તારોમાં સરાજાહેર ધોળે દિવસે ખુલ્લેઆમ દેશીદારૂ બનાવવાની ભઠ્ઠીઓ પોલીસની નાક નીચે ધમધમી રહી હોવાનું બહાર આવવા પામ્યું છે. એકલા કુબલીયાપરા વિસ્તારમાં દેશીદારૂ બનાવતી ૧૦ જેટલી ભઠ્ઠીઓ ચાલતી હોવાનો ધડાકો થયો છે અને સાંજ પડ્યે પ્યાસીઓનાં ટોળેટોળા દેશીનાં અડ્ડાઓ પર ઉમટી પડે છે અને બેફામપણે દેશીદારૂની કોથળીઓનું વેચાણ થતું રહે છે. સ્થાનિક લોકો અને આસપાસનાં વિસ્તારમાં રહેતા રહેવાસીઓ દેશીદારૂનાં અડ્ડાઓથી ત્રાહિમામ પોકારી ગયા છે. પરંતુ દારૂ બનાવનારા અને વેચનારા લોકો માથાભારે હોવાથી અને વળી કેટલાકની તો પોલીસમાં પણ ઊંડી પહોંચ હોવાથી નજરે જોનારા સ્થાનિક લોકો બીકનાં માર્યા ચુપ રહે છે એવું જાણવા મળ્યું છે.

ગુજરાતમાં બોટાદ અને બરવાળા તથા ધંધુકામાં સર્જાયેલા લઠ્ઠાકાંડમાં અંદાજે ૩ ડઝન નિર્દોષ માનવ જીવ મોતની સોડમાં સુઈ ગયા છે. ત્યારે રાજકોટ શહેરમાં ચાલતા દેશીદારૂનાં હાટડા તરફ ફરી ધ્યાન ખેંચાયું છે અને પોલીસની નિષ્ક્રિયતા દેશીનાં બુટલેગરો માટે મોકળું મેદાન પૂરું પાડી રહી હોય એવી સભ્ય નાગરિક વર્ગમાંથી ગંભીર ફરિયાદો ઉઠવા પામી છે. લોકો બોલી રહ્યા છે કે, કુબલીયાપરા જેવા વિસ્તારોમાં ચાલતા દેશીદારૂનાં હાટડા આવા જ લઠ્ઠાકાંડ માટે સિધ્ધી આમંત્રણ પત્રિકા જેવા બની રહ્યા છે. આવા દેશીદારૂનાં અડ્ડાઓ પર ક્યાં પ્રકારે અને ક્યાં પ્રકારનાં ઝેરી મિશ્રણોથી અને કેમિકલથી દારૂ બનાવવામાં આવે છે એ સહુ જાણે છે. એટલે રાજકોટમાં પણ ગમે ત્યારે ભયાનક લઠ્ઠાકાંડ સર્જાઈ જવાની ભીતિ રહે છે. પરંતુ હજારો નાગરિકોને જે દેખાય છે એ ભઠ્ઠા રહસ્યમય રીતે સ્થાનિક પોલીસની નજરથી દૂર રહ્યા છે. નાગરિકો માટે એ હકીકત કોયડા સમાન બની રહી છે. લોકોને જે દેખાઈ છે એ જેની સંપૂર્ણ જવાબદારી છે એવા કાયદો અને વ્યવસ્થા વિભાગને દેખાતું ન હોય એ હકીકત લોકોને ગળે ઉતરતી નથી.

રાજકોટમાં લોકોનાં જાન જાય અને લઠ્ઠાકાંડ સર્જાય એ પછી પગલા લેવાની રાહ જોવાઈ રહી છે? પોલીસને જે વિસ્તારોમાં આવા અડ્ડા ચાલે છે. એ બંધ કરાવવું પગલું લેતા કોણ અટકાવે છે? ઉચ્ચ પોલીસ અધિકારીઓને કેમ રીપોર્ટ કરવામાં આવતો નથી? કહેવાય છે કે, કોઈ ઈમાનદાર પોલીસ અફીસર આવો રીપોર્ટ કરવાની હિંમત કરે તો આખા પોલીસ બેડાની આંખે થઇ જતો હોય છે. એટલે 'તેરી બી ચુપ ઔર મેરી બી ચુપ'નો આ તાલતાશીરો અને આંખ મીચામણીનો તમાશો ચાલતો રહેશે જે ક્યારે રાજકોટ માટે બીજું બરવાળા અને ધંધુકા સર્જી શકે છે. આવી કોઈ જાનહાની થાય એ પહેલા પોલીસ આવા અડ્ડાઓ પર તૂટી પડે અને દેશીદારૂનાં હાટડા બંધ કરાવે તેવી લોકમાંગણી ઉઠી રહી છે. રાજકોટમાં કુબલીયાપરા જેવા અનેક પછાત વિસ્તારો છે જ્યાં જાણે લાયસન્સ મળી ગયું હોય એ રીતે ખુલ્લેઆમ દેશીદારૂનો વેપલો મોટાપાયે ચલાવવામાં આવી રહ્યો છે. આવા બુટલેગરોને મોકળું મેદાન કઈ રીતે મળ્યું હોય એ સવાલ ઉભો થાય છે પણ એ સવાલનો જવાબ પોલીસતંત્રને આપવાનો રહે છે. આટલી બધી હિંમત બુટલેગરોમાં આવી ગઈ હોય તો એ હિંમતની પાછળ જે પીઠબળ હોય છે તેના તાર ચોક્કસ પોલીસકર્મીઓ સુધી પહોંચતા રહે છે એ ઉઘાડું સત્ય છે.

રાજકોટ પોલીસ અને તેની એક ખાસ બ્રાન્ચ અવારનવાર વિવાદોનાં ઘેરામાં સપડાતી રહે છે. એ ખાસ બ્રાંચને અપરાધખોરીનાં આવા અડ્ડા બંધ કરવાની જવાબદારી હોય છે. પરંતુ આ દિશામાં તેની કામગીરી ખોખલી અને સપાટી પરની જ રહે છે. ક્યારેય પણ આવા દેશીદારૂનાં અડ્ડાઓ રાજકોટમાં બંધ કરી શકાયા નથી, દરોડા પડ્યા હોય તો એ પણ પૂર્વ આયોજિત હોય છે, બુટલેગરોને દરોડા પહેલા જ રહસ્યમય રીતે દરોડાની વિગતો લીક થઈને મળી જતી હોય છે એટલે ઘણી વખત દરોડા પહેલા ખપ પુરતો માલ-સામાન ગોઠવી દેવાઈ છે. બાકીનો માલ અને ભઠ્ઠા સગેવગે થઇ જાય છે. અને મોટી ધાડ મારી હોય એવો ખોંખારો ખાઈને પોલીસની રેડ પાર્ટી પંચનામા કરીને વડામથકે પાછી આવી જાય છે. આવા નાટકો વર્ષોથી રાજકોટમાં ચાલ્યા કરે છે. પણ કોઈ ઉચ્ચ અધિકારી જવાબદાર હોય એવા પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓ સામે એમને યાદ રહી જાય એવા પગલા લેતા નથી. લાગે છે કે, રાજકોટમાં પણ પગલા લેવા માટે પણ પોલીસ કોઈ મોટું લઠ્ઠાકાંડ સર્જાય તેની રાહ જોઈ રહી છે.(૨.૧૨)

# ગુજરાતમાં દારૂના ધંધાર્થીઓને પોલીસનું રક્ષણ અને ભાજપનો ટેકોઃ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરનો ગંભીર આક્ષેપ

### મૃતકોના પરિવારને ૧૦- ૧૦ લાખની સહાય આપવા માંગણી, ન અપાય તો ગૃહમંત્રીનું રાજીનામું માંગવામાં આવશે



**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૨૬

પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોરે ગુજરાતમાં બેફામ વેચાતા દારૂ, ગાંજો સહિતના નશીલા પદાર્થોના બેરોકટોક વેપલા માટે ભાજપની સરકાર અને પોલીસ પર આકરા પ્રહારો કર્યા હતા અને એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે, દારૂના ધંધાર્થીઓને પોલીસનું રક્ષણ મળે છે અને ભાજપનું સમર્થન મળે છે. લઠ્ઠાકાંડના મૃતકોનાં પરિવારોને ૧૦- ૧૦ લાખની સહાય આપવા રાજ્ય સરકાર સમક્ષ માંગણી કરતા કોંગ્રેસ પ્રમુખે ચેતવણી આપી હતી કે, જો સહાય નહીં અપાય તો કોંગ્રેસ ગૃહમંત્રીનું રાજીનામું માંગશે.(૨.૧૨)

# રાજકોટમાં દેશી દારૂના અડ્ડાઓ પર ત્રાટકતી પોલીસ, ઠેર-ઠેર દરોડા



(તસવીરઃ દિલીપ ગોહેલ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ):** રાજકોટઃ પોલીસની નાક નીચે ચાલતા દારૂના અડ્ડાનો ભાંડો ફૂટી જતા હવે પોલીસ પોતાની આબરૂ બચાવવા મથી રહી હોય તેમ દેશી દારૂના હાટડાઓ પર દરોડા પાડવાનું શરૂ કર્યું હતું. ત્યારે જો રાજકોટમાં દેશી દારૂનું વેચાણ અટકાવવામાં નહીં આવે તો બોટાદના રોજિદ ગામની જેમ લઠ્ઠાકાંડ સર્જાવવાની શક્યતા છે. આ અંગે ડીસીપી ઝોન- ૧ પ્રવિણકુમાર મીણાએ જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા નિયમિત રીતે દેશી દારૂના ધંધાર્થીઓ પર ડ્રાઈવ ચલાવવામાં આવે છે. આજે સવારે જ કુબેલિયા પરા વિસ્તારમાં દેશી દારૂના બે કેસ દાખલ કરવામાં આવ્યા છે.સ્લમ વિસ્તાર હોવાથી કાયમી આ વિસ્તરમાં દેશી દારૂ ભઠ્ઠી બંધ થઇ શકતી નથી. વોકળા વિસ્તાર છે અને ગેરકાયદે બાંધકામ છે જે દૂર કરવા માટે મનપાને રિપોર્ટ કરવામાં આવશે.

# રાજકોટમાં વધુ બે કારીગર સોની વેપારીનું રૂ.૨૩.૪૦ લાખનું સોનું લઈ ફરાર



### બે દિવસ પહેલા માથું દુઃખે છે દવા લેવા જવું છે જેવા બહાના કાઢી નાસી ગયાઃ એ ડિવિઝન પોલીસે સોની કામની મજૂરી માટે આવેલું ૪૫૦ ગ્રામ સોનું ચોરાયાની ફરિયાદ નોંધી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૬ :

રાજકોટમાં બંગાળી કારીગર સોની વેપારીનું સોનું લઈ નાસી જવાના બનાવ અવાર નવાર પોલીસ ચોપડે નોંધાઈ ચુક્યા છે.ત્યાં વધુ એક બનાવ ગઈકાલે રાત્રીના પોલીસ ચોપડે નોંધાઈ ચુક્યો છે. સોની બજારમાં બાલાજી કોમ્પ્લેક્ષમાં દુકાન ધરાવતા સોની વેપારીને ત્યાં ચાર દિવસ પહેલા જ સોની કામની મજૂરી કામે રહેલા બંને કારીગર દવાખાને જવાના બહાને તેજોરીમાં રાખેલું રૂ.૨૩.૪૦ લાખનું ૪૫૦ ગ્રામ સોનુ લઈ ભાગી જતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર,જામનગર રોડ હુડકો કવાટર્સ નંબર ૮૩માં રહેતા ભાવેશભાઈ બાબુભાઈ ગોંડલીયા(ઉ.વ.૪૩)એ ફરિયાદમાં પશ્ચિમ બંગાળના જિલ્લા હુગલીના કુલી પુકુરમાં રહેતા રહેતા સોઈલ રસીતભાઈ (રહે.રામનાથપરા,શેરી.૬ સોઈલના મકાનમાં) અને રાજા ઉર્ફે અમન શેખ(રહે.રામનાથ પરા શેરી.૬)નું નામ આપતા પીઆઇ સી.જી.જોશી સહિતના સ્ટાફે કાર્યવાહી કરી છે.

ભાવેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું સોની બજારની સાંકડી શેરીમાં બાલાજી કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર ચામુંડા ઓર્નામેન્ટ નામે દુકાન ચલાવી સોની કામની મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવું છું.

થોડા દિવસ પહેલા મારા મિત્ર મારે ત્યાં બે બંગાળી યુવાનોને લઈ આવ્યા હતા જેઓ સોની કામની મજૂરી કામ કરે છે.જેઓ બંને મારે ત્યાં મજૂરી કામ કરવા માંગતા હોય જેથી તે બન્નેને કામ કરવા અંગે ચાર દિવસથી મારે ત્યાં સોની કામ કરવા રાખ્યા હતા. ત્યારબાદ તા.૨૩/૦૭ના રોજ મારે આંગળી પ્રેસમાં આવી ગઈ હોય જેથી મારે ડ્રેસિંગ કરાવવું હોય માટે હું મારા પુત્ર રવિને મારી દુકાને બેસાડી નજીકમાં આવેલા દવાખાને ગયો હતો.તેમજ બે વેપારીનું ૪૫૦ ગ્રામ સોનુ તેજોરીમાં રાખ્યું હતું.હું દવાખાને હતો ત્યારે આરોપી રાજાએ કોલ કરી જણાવ્યું હતું કે મને માથું દુઃખે છે મારે દવાખાને જવું છે

માટે મેં કહ્યું થોડીવાર ત્યાં રહે મારા પુત્ર રવિને કહું છું કે દવા આપી દેશે.થોડીવાર બાદ સોઈલનો કોલ આવ્યો હતો કે મારે દવાખાને જવું છે બાદમાં મારો પુત્ર રવિ અમારા કારીગર રાજાને દવાખાને લઈ ગયા બાદ પરત પેશાબ જવાનું બહાનું કાઢી ત્યાંથી નાસી ગયો હતો.બાદમાં દુકાને પહોંચતા સોઈલ પણ ત્યાંથી નાસી ગયો હતો. બાદમાં દુકાને જઇ તપાસ કરતા અમારી તેજોરીમાં રાખેલું બંન્ને કારીગરનું ૪૫૦ ગ્રામ સોનું રૂ.૨૩.૪૦ લાખનું લઈ નાસી ગયા હોવાનું જાણવા મળતા હું અને મારો પુત્ર એ ડિવિઝન પોલીસ મથકે પહોંચી ફરિયાદ કરતા પીઆઇ સી.જી.જોશી સહિતના સ્ટાફે કાર્યવાહી કરી હતી.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં

+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426


# રાજકોટમાં ટ્રેન નીચે ઝંપલાવી દંપતીએ જીવન ટૂંકાવ્યું



(તસવીરઃ દિલીપ ગોહેલ)

### દોઢ મહિના પૂર્વે લગ્ન થયા હતાઃ આપઘાતનું કારણ અકબંધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૬

રાજકોટ શહેરમાં ૧૧ દિવસમાં દંપતીએ સજોડે આપઘાત કર્યા હોવાની બીજી ઘટના સામે આવી છે. ૧૫ જુલાઇના રોજ મોરબી રોડ પર દંપતીએ ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી ત્યાં આજે વધુ એક દંપતીએ લગ્નજીવનના દોઢ જ મહિનામાં ટ્રેન નીચે ઝંપલાવી આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. હાલ પોલીસે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડવા કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ શહેરના રેલનગર વિસ્તરમાં આવેલ સંતોષીનગર ફાટક પાસે નવદંપતીએ ટ્રેન નીચે ઝંપલાવી આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો જે બાદ તપાસ કરતા મૃતક કરણ પંચાસરા (ઉ.વ.૨૨) અને સ્નેહા પંચાસરા (ઉ.વ.૨૨) બન્ને પતિ પત્ની હોવાનું અને રેલવે ફાટકની સામે સંતોષીનગરમાં જ રહેતા હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે પંચનામું કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે મૃતક કરણ અને સ્નેહાએ દોઢ મહિના પૂર્વે જ લગ્ન કર્યા હોવાનું સામે આવ્યું છે જો કે તેઓ આપઘાત શા માટે કર્યો તેનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી માટે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગત ૧૫ જુલાઈના રોજ રાજકોટ શહેરના મોરબી રોડ પરની જય જવાન જય કિશાન સોસાયટીમા રહેતા બાબુ સોલંકી (ઉ.વ.૨૧) અને તેમના પત્ની મમતા સોલંકી (ઉ.વ.૨૦) એ વહેલી સવારે સાતેક વાગ્યે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ દંપતીના લગ્ન પણ ૫ માસ પૂર્વે થયા હોવાનું અને ગૃહક્લેશમાં આપઘાત કર્યા હોવાનું પોલીસની તપાસમાં સામે આવ્યું હતું.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.